**સુવિચાર**

જીવન અને મૃત્યુનો બીજો કોઈ ઉપાય નથી... સિવાય કે વચ્ચેનાં ગાળાને સાચી અને સારી રીતે જીવી લેવો !

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૮/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



SINCE 1999
હરિૐ
PENDAWALA
શ્રાવણ માસ નિમિતે
બનાના ગોલ્ડન વેફર
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પલેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ વદ-૪ વર્ષ : ૧૬ અંક : ૨૦૭


### ઈફ્કોનાં ચેરમેન દિલીપ સંઘાણીનાં નેતૃત્વમાં ભારતીય જન પરિષદનો આક્રોશ

# અમરેલીમાં અમેરિકન ચીજવસ્તુઓનો થયો બહિષ્કાર

અગાઉનાં પ્રધાનમંત્રીઓ સ્વ. લાલબહાદુર શાસ્ત્રી, સ્વ. અટલબિહારી વાજપેયી બાદ હવે પ્રધાનમંત્રી મોદીનાં કાર્યકાળમાં પણ અમેરિકા સામે રોષ

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતથી અમેરિકા થતી નિકાસ ઉપર ટેરિફ વધારતા નારાજગી

ડો. જીવરાજ મહેતા ચોકમાં મોટી સંખ્યામાં ભાજપીઓએ એકત્ર થઈને અમેરિકન ચીજવસ્તુઓની હોળી કરી

પૂર્વ સાંસદ કાછડીયા, ડો. કાનાબાર, રાજેશ માંગરોળીયા સહિતનાં ભાજપનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા



અમરેલી, તા. ૧૧

અમેરિકાની ઈર્ષાનો ભોગ ભૂતકાળમાં પણ ભારત ભોગવી ચુકેલ છે. દેશમાં અનાજની તંગી ઉભી થયેલ ત્યારે પશુચારામા પણ ન ચાલે તેવા ઘઉં ભારતને મોકલી દબાવવાનો પ્રયાસ કરતા તત્કાલીન પ્રધાનમંત્રી લાલબહાદુર શાસ્ત્રી ઉપવાસ પર બેસી ગયા હતા. તેવી જ રીતે પોખરણના અણુધડાકાથી ભારતની અણુશકિતથી અંજાયને આર્થિક પ્રતિબંધો લગાવાતા તત્કાલીન પ્રધાનમંત્રી બાજપાઈએ સમગ્રદેશના સમર્થ સાથે અમેરિકા સામે અડગ ઉભા રહ્યા. હવે રહી વાત ઓપરેશન સિંદુરની, પાકિસ્તાન સામે આક્રમક ઓપરેશન સિંદુરની સફળતાથી ભારતની સંરક્ષણક્ષેત્રની આત્મનિર્ભરતા અને વિશ્વગુરૂની છબી અમેરિકાને લેશમાત્ર પસંદ ન હોવાથી ભારતને તાબે કરવા ટેરીફ ત્રાસ લાદેલ છે.

ભારતની તમામ ક્ષેત્રે પ્રગતિ અને વધતી વગને વારંવાર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ નીતિએ સમગ્ર વિશ્વને હચમચાવી નાખી છે. દુનિયાને દબાવવા ટેરિફ નીતિ અપનાવી રહેલ ટ્રમ્પ શાસન સામે ભારત ઝુંકયા વગર અકકડ અને અલગ રીતે સામનો કરી અમેરિકાની ટેરિફ ધમકીને ઘરેલું વ્યવસાય અને ઉત્પાદનને સમર્થન આપવાના પ્રયાસરૂપ ભારતીય જન પરિષદના ઉપક્રમે ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીના નેતૃત્વમાં અમેરિકન ઉત્પાદનોના વિરોધ પ્રદર્શન રેલી યોજાઈ હતી જેમાં વિશાળ સંખ્યામાં લોકો જોડાયા હતા.

### આંતરિક વિખવાદથી રાજકીય ગરમાવો

## ચલાલા : પાલિકા પ્રમુખ નયનાબેન વાળાએ હોદ્દા પરથી રાજીનામું ધરી દીધુ

**માત્ર પાંચ મહિનામાં પદ ત્યાગ કરી દીધો**




ચલાલા, તા. ૧૧

ચલાલા નગરપાલિકામાં રાજકીય હલચલ સર્જાઈ છે, કારણ કે માત્ર પાંચ મહિના પહેલા પ્રમુખ પદ સંભાળનાર નયનાબેન વનરાજભાઈ વાળાએ અચાનક રાજીનામું આપી દીધું છે. ૫ માર્ચે પ્રમુખપદે બિરાજેલા નયનાબેન વાળાએ અમરેલી જિલ્લા કલેકટરને રાજીનામું સોંપ્યું છે. રાજીનામાના પગલે શહેરમાં તેમજ જિલ્લાની રાજકીય ગતિવિધિઓમાં ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે.

ચલાલા નગરપાલિકામાં કુલ ૨૪ બેઠકો છે અને તમામ બેઠકો પર


અનુસંધાન પાના ૬ ઉપર


### ચલાલા નજીક આવેલ

## ગોપાલગ્રામ ખાતેથી જુગાર રમતા ૧૫ પત્તાપ્રેમીઓ ઝડપાયા



અમરેલી, તા. ૧૧

ચલાલા નજીક આવેલ ગોપાલગ્રામ ગામે ગઈકાલ મોડી રાત્રે જાહેરમાં બે ગોળ કુંડાળા વળી પૈસાની હારજીતનો જુગાર રમતા હોવાની


અનુસંધાન પાના ૬ ઉપર


## શ્રાવણનાં સોમવારે સોમનાથ મહાદેવને ચંદન શૃંગાર



ભગવાન સોમનાથ મહાદેવને આજે ખાસ શ્રાવણી સોમવારને દિવસે વિશેષ ચંદન શૃંગાર કરવામાં આવેલો હતો. ચંદન શિતળતા પ્રદાન કરનનારૂ માનવામાં આવે છે. જેથી મહાદેવ વિશ્વ શાંતિ અને કલ્યાણના ભાવ સાથે આ ખાસ શૃંગાર પૂજારી વૃંદ ધ્વારા તૈયાર કરવામાં આવેલ. સાથે જ વિવિધ પુષ્પો ગુલાબ, ગલગોટા, મોગરા સહિતના ફુલો અને ફુલહારોનો ઉપયોગ કરવામાં આવેલ હતો. આજરોજ ૪૫ ધ્વજાપુજન તેમજ ૬૨ સોમેશ્વર મહાપુજન, ૭૧૫ રૂદ્રાભિષેક પુજા–પાઠ કરવામાં આવેલ. જેનો લાભ લઈ ભકતો ધન્ય બન્યા હતા.

### રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવને પત્ર પાઠવ્યો

## અમરેલી જિલ્લાની રેલ્વેની સુવિધામાં વધારો કરવા સુવર્ણકાર સંઘની માંગ

**રેલ્વે વિભાગ સકારાત્મકતા દાખવે તે જરૂરી**

અમરેલી, તા. ૧૧

અમરેલી સુવર્ણકાર સંઘ દ્વારા દેશનાં રેલ્વે મંત્રીને પત્રમાં જણાવેલ છે કે આપણા દેશમાં બ્રિટીશ શાસકો દ્વારા સ્વતંત્ર રજવાડાઓ દ્વારા અને સ્વતંત્ર


અનુસંધાન પાના ૬ ઉપર



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
91,000/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૧/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000-7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્કીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000-7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

### સારહિ યુથ કલબનાં પ્રમુખ મુકેશ સંઘાણીનાં માર્ગદર્શનતળે

# અમરેલીનાં ''સારહિ તપોવન આશ્રમ''માં ૪૪ તપસ્વીઓની સેવા

**સારહિ યુથ કલબનાં પ્રમુખનું વર્ષો પહેલા નિરાધારનો આધાર અને વૃધ્ધોની સેવા કરવાનું સ્વપ્ન થાય છે સાકાર**

**ભવિષ્યમાં એક હજાર તપસ્વીઓની સેવા કરી શકાય તે માટેનું આયોજન**

**તપોવન આશ્રમમાં ૧૬ રૂમ છે ભવિષ્યમાં ૭ ફલોર તૈયાર કરીને તપસ્વીઓને વધુ સુવિધા અપાશે**

**જીંદગીનાં અંતિમ વર્ષોમાં વૃધ્ધોને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે ઝીણવટભર્યુ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે**






અમરેલી, તા. ૧૧

અમરેલીમાંવિવિધસેવાકીય પ્રવૃત્તિ કરતી સારહિ યુથ કલબ નામની સંસ્થા દ્વારા એક વર્ષ પહેલાં અમરેલીના ગાવડકા રોડ ઉપર આવેલ ત્રિભેટે તરીકે ઓળખાતા માર્ગ પાસે ૬.૫ એકર જમીનમાં ૪૦ હજાર ફૂટે બાંધકામ ધરાવતા 'સારહિ તપોવન આશ્રમ'નું નિર્માણ કરવામાં આવેલ છે. આ આશ્રમમાં હાલ ૪૪ જેટલાં વૃધ્ધ તપસ્વીઓએ વિનામુલ્યે પોતાનું નિવાસસ્થાનબનાવ્યુંછે અનેભવિષ્યમાં આવા ૧ હજારતપસ્વીઓવિનામુલ્યેરહી શકેતેમાટેનુંપણઆયોજનથઈરહયુંછે.

સારહિ તપોવન આશ્રમની અચાનક મુલાકાતે અમારા પ્રતિનિધિ મિલાપ રૂપારેલ પહોંચ્યાહતા. ત્યારે આ સંસ્થાના ચેરમેન મુકેશ સંઘાણી અને સુરેશ શેખવા ત્યાંઆ વૃધ્ધ તપસ્વીઓની સારહિ તપોવન આશ્રમ સંસ્થામાં ઉપસ્થિત હતાં અને ત્યાં તેઓ દરેક તપસ્વીઓનેમળીતમામતપસ્વીલોકોની ખબર અંતર પુછતા જોવા મળ્યા હતાં. ત્યારે આ તપસ્વીઓ પણ આ સંસ્થાના આગેવાનોના માથા ઉપર હાથ મુકીને તેમને આશીર્વાદ આપતા જોવા મળ્યા હતા.

સારહિ તપોવન આશ્રમ સંસ્થાના ચેરમેન મુકેશ સંઘાણી અને સુરેશ શેખવાએ અમારાપ્રતિનિધિ સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, તેમને વર્ષોથી એક ઈચ્છા હતી કે, એવા વૃધ્ધ લોકો હોય અનેજેમનુંઆદુનિયામાંકોઈ નાહોયઅને આવા વૃધ્ધ લોકો સમાજમાં સ્વમાનભેર જીવીશકેઅનેવૃધ્ધાવસ્થામાંબેટંકખાવા માટે કોઈની સામે હાથ લાંબો ના કરવો પડે, બીમારીના સમયમાં દવા વિના દર્દ સહન કરવું પડતું હોય કે શિયાળા, ઉનાળામાંકે પછીચોમાસામાંરહેવામાટે છતનાઅભાવેજીવનમુશ્કેલબનતુંહોય તેવા વૃધ્ધ લોકોની સેવા કરવા માટે થઈ એક આશ્રમ બનાવવો. ત્યારે વર્ષોની જહેમત બાદ આ ૬.૫ એકર જમીનમાં ૪૦ હજાર ફૂટ બાંધકામ ધરાવતા ' સારહિતપોવન આશ્રમ' નું નિર્માણ કરવામાં આવેલ છે.

આ 'સારહિ તપોવન આશ્રમ'માં હાલમાં ગ્રાઉન્ડ ફલોર ઉપર ૧૬ જેટલાં રૂમ છે ભવિષ્યમાં જરૂરિયાત પ્રમાણે આવા ૭ ફલોર ઉભા કરી શકાય તેરીતનું પણ આયોજન છે. હાલ ગ્રાઉન્ડ ફલોરના એક રૂમમાં ૪ તપસ્વીઓ આરામથી રહી શકે તેવી વિશાલ જગ્યા છે. દરેક રૂમમાં બે એટેચ ટોયલેટ બાથરૂમ બનાવવા ઉપરાંત દરેક બેડ પાસે રાતના સમયે એક તપસ્વી વાંચે તો તે રૂમમાંરહેલાઅન્યતપસ્વીઓનેતકલીફ ના પડે તેવા ટેબલ લેમ્પ રાખવામાંઆવ્યા છે. ઉપરાંત રૂમ બહાર રાખેલ બેલની સ્વીચ પણ દરેક તપસ્વીઓ પાસે રાખવામાંઆવેલછે. સાથોસાથ દરેકરૂમ સહિત સમગ્ર સારહિ તપોવન આશ્રમ સંસ્થામાં સીધી જ વાતચીત થઈ શકે તે રીતે ઈન્ટરકોમ ફોનની પણ વ્યવસ્થા રાખવામાંઆવેલ છે.

સારહિ તપોવન આશ્રમમાં નિવાસ કરતા વૃધ્ધ તપસ્વીઓના ખાનપાન માટે શાકભાજી, અનાજ અને ફળ સહિતની જરૂરિયાત પ્રમાણેની ઓર્ગેનિક ખેતી પણ અહીં જ કરવામાં આવેછે. અહીંની ગૌશાળામાંથી મળતુંદુધ પણ અહીંના તપસ્વીઓને જ આપવામાં આવેછે. વધેલાદુધનીછાશ, માખણઅને ઘી પણ સંસ્થામાં જ વાપરવામાંઆવેછે.

આવા સંસ્થાની અંદર જ બાયોગેસ પ્લાન્ટ પણ ઉભો કરવામાં આવેલ છે. ૫૦ કિલોવોટનીસોલાર સિસ્ટમ પેનલ લગાવવામાંઆવેલછે. આ સંસ્થાના નિવાસી તપસ્વીઓ માટે અદ્યતન ઓકિસજન સાથેની મેડિકલ કિલનિકની સ્ટાફ સાથે સુવિધા ઉભી કરવામાં આવેલ છે. ત્યાં કાયમી તથા વિઝિટર ડોકટર્સ સેવા આપે છે. ઉપરાંત એમ્બ્યુલન્સની સુવિધા પણ આ સંસ્થામાં ઉપલબ્ધ છે.

આ ઉપરાંત તપસ્વીઓને બંને ટાઈમ ગરમાગરમ ભોજન તથા સવારે અને સાંજે નાસ્તો મળી રહે તે માટે થઈ આધુનિક ભોજનશાળા, વાંચન માટે થઈ અદ્યતન લાઈબ્રેરી તથા પ્રોજેકટર સાથેનો પ્રાર્થના હોલ તેમજ તપસ્વીઓ માટે વિશાળ બગીચો જેમાં હીચકા, બેસવા માટેના બાંકડા તથા સંસ્થામાં જ તપેર મહાદેવ મંદિર, રેઈન વોટર ટેંક, વિવિધ ફંકશન માટેનો વિશાલ હોલ, તેમજ આ સંસ્થામાં રહી અને તપસ્વીઓની સેવા કરી શકે તે માટે રાખવામાં આવેલ સ્ટાફના કવાર્ટર તથા ઓફિસ પણ આ બિલ્ડિંગમાં ઉભી કરવામાં આવેલ છે.

આવા અદ્યતન સુવિધાસભર ઉભા કરાયેલા સારહિ તપોવન આશ્રમનો તમામ નિભાવખર્ચ વર્ષે લગભગ ૬૦ લાખનો હોવા છતાં આ આશ્રમમાં વસતા વૃધ્ધ બા અથવા તો દાદા પાસેથી કોઈ પણ પ્રકારની ફી અથવા તો અન્ય કોઈ કામની જવાબદારી આવા વૃધ્ધ તપસ્વીઓને સોંપવામાં આવતી નથી.

### ભારતમાંથી માત્ર ૨ યુવાનોની પસંદગી

## અમરેલીનાં હર્ષ સંઘાણી આગામી દિવસોમાં સાઉથ આફ્રિકાની સમીટમાં જોડાશે

**હવામાન, આર્થિક વૃધ્ધિ, રોજગાર સહિતની ચર્ચામાં ભાગ લેશે**



અમરેલી, તા. ૧૧

યુવાનો જે ક્ષેત્રમા હોય તે ક્ષેત્રની કઈક વિશિષ્ટ કામગીરી અને અનુભવ લોકોને જોવા–જાણવા મળ તો હોય છે. યુવાનો પણ આ બાબતે સજાગ બનીને જે તે ક્ષેત્રના વિકાસ માટે પ્રવૃત રહેતા તેમની શકિત નીખરતી હોય છે.

ભારતના બે પ્રતિભાશાળી યુવાનો પૈકીના એક હર્ષ મુકેશભાઈ સંઘાણી યુથ –૨૦ સાઉથ આફ્રિકા –૨૦૨૫ સમીટ પસંદગીમા સમાવિષ્ટ થતા અમરેલી સહિત રાજયની યુવા ટીમમાં આનંદ છવાયો છે. તા.૧૮ થી ૨૦–ઓગષ્ટ–૨૦૨૫ સાઉથ આફ્રીકાના જોહાનિસબંર્ગ ખાતે ચાલનાર વૈશ્વિક મુદાઓની ચર્ચામા ભાગ લેશે જેમા હવામાન, આર્થીક વૃધ્ધિ, રોજગાર, ડીજીટલ ઈનોવેશન, શિક્ષણ, સામાજીક ન્યાય અને યુવા મેનેજમેંન્ટ ઉપરની ચર્ચામા જોડાશે.

હર્ષ સંઘાણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર નેતૃત્વ શકિતનો પરિચય આપવા સાથે વૈશ્વિક સ્તરે ગુજરાત–ભારતનું નામ રોશન કર્યુ છે તેમ યાદીમાં જણાવાયેલ છે.

### ''પાણી બચાવો'' અભિયાનની ઐસી–તૈસી કરીને લાખો લિટર પાણીનો વેડફાટ

## અમરેલીનાં જિલ્લા પંચાયત માર્ગથી લઈને વાયા પોસ્ટ ઓફિસ થઈને જુના માર્કેટયાર્ડ સુધીનો વિસ્તાર પાણી...પાણી

**પાલિકાનાં વોટર વર્કસ વિભાગની ગુનાહિત બેદરકારીથી શહેરીજનો પરેશાન**




અમરેલી, તા. ૧૧

અમરેલી શહેરની મધ્યમાં આવેલ જુના પોલીસ સ્ટેશન તથા પાલિકા કચેરી પાસે આવેલ જી.ઇ.બી. ફોલ્ટ સેન્ટર પાસે છેલ્લા ત્રણેક દિવસથી ફરી એક વખત પાલિકાની પાણી વિતરણ કરતી પાઈપ લાઈનમાં ભંગાણ પડતા અમરેલીમાં વિના વરસાદે લાખો લિટર પાણી રોડ ઉપર વહી રહયું છે. તેમ છતાં પાલિકાના શાસકો અને અધિકારીઓના ધ્યાને આ વાત આવતી નથી અને આ માર્ગ ઉપરથી પસાર થતાં વાહન ચાલકો તથા રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

અમરેલીના જિલ્લા પંચાયત રોડ ઉપર જુના પોલીસ સ્ટેશન તથા નગરપાલિકા કચેરી પાસે આવેલ જી.ઇ.બી. ફોલ્ટ સેન્ટર પાસે અવાર નવાર પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ પડતું હોય છે. ત્યારે લાખો લિટર પાણી વહી જતાં માર્ગો ઉપર વગર વરસાદે નદીઓ વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળે છે.

આ પાણી ટેલિફોન ઓફિસ, પોસ્ટ ઓફિસ પાછળ થઈ જુના માર્કેટયાર્ડ રોડ ઉપર થઈ માર્કેટયાર્ડની અંદર સુધી ઘુસી જાય છે તથા જિલ્લા બેંક પાસેથી થઈ ભીડભંજન ચોક સુધી પહોંચી જાય છે.

અમરેલી શહેરની આશરે દોઢ લાખની વસ્તીને ત્રણ દિવસથી લઈ અને સાત દિવસે પાલિકા દ્વારા પીવાનું પાણી વિતરણ થાય છે. ત્યારે પાણી વિના ટળવળતા લોકોને નિયમિત પાણી આપી નહીં શકતી પાલિકાનું લાખો લિટર પાણી રોડ ઉપર વહી જાય છે.

આ પાઈપ લાઈન શનિવારના રોજ તુટી જવાથી ત્યાં બાજુમાં જ બિરાજમાન પાલિકાના શાસકો અને અધિકારીઓને જાણ કરવા છતાં આજે સોમવાર સવાર સુધી આ બાબત તેમનાં ધ્યાને આવેલ નથી.

### રાજયના મુખ્ય નાયબ દંડક કૌશિક વેકરીયાની ઉપસ્થિતિમાં

## બાબરામાં આજે તાપડીયા આશ્રમથી તિરંગા યાત્રા યોજાશે

**ભાજપ દ્વારા મોટી સંખ્યામાં લોકોને તિરંગા યાત્રામાં જોડાવવા અનુરોધ**

અમરેલી, તા. ૧૧

સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પુર્વ સમગ્ર રાજય અને દેશમાં ભવ્ય તિરંગા યાત્રા નીકળી રહી છે અને તેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયને પોતાના દેશ પ્રેમ અને ભક્તિનું દર્શન કરાવી રહ્યા છે. ત્યારે બાબરામાં આજે તા. ૧૨/૮/૨૫ ને મંગળવારેના રોજ સવારે ૮:૩૦ કલાકે અહીં તાપડીયા આશ્રમ ખાતે રાજયના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાની ઉપસ્થિતીમાં ભવ્ય તિરંગા યાત્રા યોજાશે. આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, વિશેષ ઉપસ્થિતમાં મોટી સંખ્યામાં શહેર અને તાલુકાના લોકો સામાજિક અને વેપારીઓ અગ્રણીઓ મોટી સંખ્યામાં જોડાવવા બાબરા શહેર અને તાલુકા ભાજપના અગ્રણીઓ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવ્યું હતું.

### શુભમુહુર્ત થતાં ઐતિહાસીક ભાવ

## સાવરકુંડલાનાં માર્કેટયાર્ડમાં નવા કપાસનો ભાવ રૂપિયા ૩૮૫૧

**ખેડૂતો તથા વેપારીઓને મોં મીઠું કરાવતાં ચેરમેન દીપકભાઈ માલાણી**



અમરેલી, તા. ૧૧

આજરોજ સાવરકુંડલા માર્કેટયાર્ડમાં સિઝનના નવો કપાસ ઘારગણી ગામના ખેડુત ઓનભાઈ લાલજીભાઈ તથા પ્રવિણભાઈ મનુભાઈએ ઠુંમ્મર ટ્રેડીંગના કમીશનમાં, સાવરકુંડલાના ખેડુત ધીરૂભાઈ લાલજીભાઈએ ભોજલરામ ટ્રેડીંગના કમીશનમાં, ચલાલા ગામના ખેડુત હસમુખભાઈએ જયાણી ટ્રેડીંગના કમીશનમાં, ઈંગોરાળા ગામના ખેડુત જયદિપભાઈ જેબલીયાએ મારૂતિ ટ્રેડીંગના કમીશનમાં, ધજડી ગામના ખેડુત ફુલાભાઈ રાજાભાઈએ રામકૃષ્ણ ટ્રેડીંગના કમીશનમાં તથા દિતલા ગામના ખેડુત જસાભાઈ જગાભાઈએ મહાદેવ ટ્રેડીંગના કમીશનમાં વેચવા માટે આવેલ. સિઝનના નવા કપાસની આવકના આજરોજ શ્રીગણેશ થયેલ હોય, જેનું ચેરમેન દિપકભાઈ માલાણીના વરદ હસ્તે વિધીસર પુજન કરી શ્રીફળ વધેરીને ખેડુતો તથા વેપારીઓનું મો મીઠુ કરાવીને હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી અને કપાસ ખરીદનાર વેપારીઓ તેમજ યાર્ડના સ્ટાફગણ અને ડીરેકટરઓની ઉપસ્થિતીમાં ખરીદનાર વેપારીઓમાં મુહુર્તનો કપાસ ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા વેપારી પેઢી વૃજલાલ પોપયલાલની કું. દ્વારા રૂા. ૩૮૫૧ અને કે.કે. ટ્રેડીંગ દ્વારા રૂા. ૩૯૫૧ની બોલી બોલીને કપાસ ખરીદ કરેલ. જેથી મુહુર્તના સારા ભાવ બોલાતા ખેડુતોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો.

### પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણાથી

## અમરેલીમાં આજે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ફોરવર્ડ હાઈસ્કુલથી તિરંગાયાત્રાનો દબદબાભેર થશે પ્રારંભ

**તમામ શહેરીજનોને જોડાવવા પાલિકા પ્રમુખ બિપિન લીંબાસીયાએ અનુરોધ કર્યો**

અમરેલી, તા. ૧૧

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તેમજ ગુજરાત સરકારનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાથી ભારતનાં હર એક નાગરીક રાષ્ટ્ર પ્રત્યે પ્રતિબધ્ધ બને તેમજ હર એક નાગરીકમાં રાષ્ટ્રભાવનાં પ્રબળ બને તે હેતુસર તા. ૧૫મી ઓગષ્ટ ૨૦૨૫નાં પ્રસંગે સૌ નાગરીકજનો સ્વાતંત્રય પર્વની ઉજવણીમાં ઉત્સાહપુર્વક સહભાગી બને તેવા હેતુસર તેમજ જીલ્લા વહીવટીતંત્ર દ્વારા તા. ૧૨/૮/૨૫ને મંગળવારનાં રોજ સવારનાં ૮:૦૦ કલાકે ફોરવર્ડ સ્કુલ ગ્રાઉન્ડથી તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. તિરંગાયાત્રા શહેરનાં મુખ્યમાર્ગો પરથી પસાર થનાર છે. તો આ તિરંગા યાત્રામાં તમામ શહેરીજનો, વ્યાપારી મંડળો, દુકાનદારો, સામાજીક સંસ્થાઓ આ તિરંગા યાત્રામાં સામેલ થઈ આપણે સૌ એકતાનાં તાંતણે જોડાઈએ તેમજ સૌ નાગરીકો પોતાનાં રહેઠાણ પર તેમજ ધંધાકીય સ્થળો પર રાષ્ટ્ર ધ્વજ લહેરાવે તેવી અપીલ કરવામાં આવે છે. તેમજ તમારી તિરંગા સાથે સેલ્ફી લઈ harghartiranga.com પર શેર કરવા પણ વિનંતી છે.

## ગામના પ્રથમ નાગરિક ગણાતા સરપંચની પ્રેરણાદાયી કામગીરી

# દાતાઓના સહયોગથી વિકસતુ આધુનિક ગામ પીઠવડી

**ઉનાળાનાં દિવસોમાં સરપંચ પોતાના ખેતરથી ગામ સુધી પાણી લાવી ગ્રામજનોને કરે છે વિતરણ**

**શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પણ દાતાઓ અને સંસ્થાનાં સહયોગથી ઉમદા કાર્ય**

**૪૫૦૦ની જન સંખ્યા ધરાવતાં ગામે ૨ સરકારી દવાખાનાની સુવિધા ઉપલબ્ધ**

**જો કે ૨ હજાર ગામજનો ધંધા રોજગાર અર્થે અન્ય મહાનગરોમાં વસવાટ કરે છે**










અમરેલી, તા. ૧૧

સાવરકુંડલા તાલુકામાં વસેલું પીઠવડી ગામ વિકાસના દ્રષ્ટિકોણથી એક અનોખું ગામ ગણાય છે. અહીંના દાતાઓના સહયોગથી અનેક મહત્વની લોકહિતની સંસ્થાઓ ઊભી કરવામાં આવી છે. ખાસ કરીને શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર કાર્યો થવા પામ્યા છે જે અન્ય ગામો માટે પણ પ્રેરણારૂપ બની રહ્યા છે.

કિરીટકુમાર દવેએ જણાવ્યું કે પોતાની ઉંમર ૬૦ વર્ષની છે અને અભ્યાસ ૧૦ ધોરણ સુધી કર્યો છે પોતે ગામના નાગરિક છે. પીઠવડી ગામ શિક્ષણ ક્ષેત્રે આગવી ઓળખ ધરાવે છે. ગામમાં ધોરણ ૧થી લઈને ૧૨ સુધીની તમામ શાળાઓ ઉપલબ્ધ છે. આ શાળાઓ આધુનિક સુવિધાઓથી સજજ છે અને તેનું બાંધકામ દાતાઓના સહયોગથી કરાયું છે. આધુનિક કક્ષાની કક્ષાઓ, શૈક્ષણિક સાધનો અને પ્રેરક શિક્ષકોના કારણે ગામના બાળકોને ઉત્તમ શિક્ષણ મળે છે. પીઠવડીના લોકો માટે આ શાળાઓ માત્ર ભણવાની જગ્યા નથી, પણ ભવિષ્યના ઉજાસ તરફ લઈ જતી ચાવી બની છે.

ગામમાં આરોગ્ય સંભાળ માટે પણ સમર્પિત સુવિધાઓ છે. પીઠવડીમાં બે દવાખાનાઓ કાર્યરત છે જેમાં એક આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત છે અને બીજી આયુર્વેદિક દવાખાનાની છે. બંને દવાખાનાઓ દિનચર્યાના આયોજિત સમયે ગ્રામજનોને આરોગ્ય સંભાળ પૂરી પાડે છે. શાળામાં આરોગ્ય ચકાસણીઓ અને નાની તકલીફોના તાત્કાલિક નિદાન માટે આ સુવિધાઓ ખૂબ જ લાભદાયી સાબિત થઈ રહી છે.

પીઠવડી ગામનો વિકાસ દાતાશ્રય, સંકલન અને લોકસહભાગિતાનું જીવંત ઉદાહરણ છે. ગામમાં પ્રવેશદ્વારથી શરૂ કરીને આર.સી.સી. અને પેવર બ્લોકથી બનેલા રસ્તાઓ સુધી, ગામના દેખાવ અને ઉપયોગિતા બંને સુધારાયાં છે. ગામમાં પીવાનું પાણી, બેઠકો માટેના બાંકડા સહિતની સુવિધાઓ બસ સ્ટેન્ડ પર ઉપલબ્ધછે. બેંક જેવી નાણાકીય સેવાઓ પણ ગામમાં ઉપલબ્ધ છે, જેના દ્વારા ખેડૂતો અને નાના વેપારીઓને વ્યવહારોમાં સરળતા રહે છે.

ગામની સરપંચ ભૌતિકભાઈ સુહાગીયા ગામના વિકાસમાં આગળ રહે છે. ઉનાળાની ઋતુમાં જયારે પાણીની તંગી હોય ત્યારે તેઓ પોતાની વાડીએથી એક કિલોમીટર દૂરથી પાણી લાવીને ગામલોકોને વિતરણ કરે છે. આવા માનવતાભર્યા પ્રયાસો ગામને જીવંત અને એકજૂટ રાખે છે. ગ્રામ પંચાયતના કાર્યાલય દ્વારા ગામના તમામ નાગરિક કાર્યો સરળતાથી પાર પાડવામાં આવે છે.

પીઠવડી ગામની અંદાજિત વસ્તી ૪,૫૦૦ જેટલી છે. જેમાંથી આશરે ૨,૦૦૦ થી ૨,૫૦૦ લોકો ગામમાં નિવાસ કરે છે અને ખેતી, પશુપાલન તથા વિવિધ નાના વ્યવસાયોમાં સંકળાયેલા છે. ગામના ઘણા લોકો રોજગારી અને વ્યવસાયની શોધમાં અમદાવાદ, સુરત, વડોદરા અને મુંબઈ જેવા નગરોમાં વસે છે. તેમ છતાં તેઓ ગામ સાથે લાગણીપૂર્વક જોડાયેલા રહે છે અને તેમનો હિસ્સો પણ ગામના વિકાસમાં આપે છે.

પીઠવડી ગામ એ માત્ર એક વસવાટ નક્કી કરેલું સ્થળ નથી, તે એક વિચારોના પરિવર્તનનું પ્રતિક છે. દાતાશ્રય, સામૂહિક સહકાર અને સંગઠિત પ્રયત્નોથી એક સામાન્ય ગામ આજે અનેક સુવિધાઓથી સભર છે. પીઠવડી આજના સમયમાં એ વાતનો સાક્ષી છે કે જયારે સમાજ પોતાનું ભવિષ્ય પોતે ઘડે છે ત્યારે તે માત્ર વિકાસ પામતું નથી, પરંતુ અન્ય માટે માર્ગદર્શક બની જાય છે.

## અમરેલી : રાજય કક્ષાની જુડો સ્પર્ધામાં શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ-વિદ્યાસભાનો ડંકો : ૬ મેડલ પ્રાપ્ત કર્યા



અમરેલી, તા. ૧૧

તાજેતરમાં હાલમાં ગુજરાત સ્ટેટ સબ જુનિયર એસોસિએશન જુડો ચેમ્પિયનશિપ ૨૦૨૫-૨૬ ભાઈઓ અને બહેનોની રાજય કક્ષા સ્પર્ધાનું આયોજન તારીખ ૪ થી ૮ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ નડિયાદ મુકામે કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર જિલ્લામાંથી જુદા-જુદા કેટેગરી મુજબના ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. જેમાં સ્પર્ધકોએ પોતાની તાકાત અજમાવી હતી. આ સ્પર્ધામાં બહેનોમાં રશપ્રદ ટક્કરો જોવા મળી હતી, જેમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલના ડીએલએસએસ ખેલાડી બહેનોમાં (૧) ૩૬kg પેથાણી કાવ્યા-સિલ્વરમેડલ, (૨) ૨૮ kg કાનાણી ત્રિશા-બ્રોન્ઝમેડલ, (૩) પરસલ જતાપરા હીના -બ્રોન્ઝમેડલ તેમજ ભાઈઓમાં (૧) ૩૦ kg નાકિયા ઈર -બ્રોન્ઝમેડલ, (૨) ૬૬ kg પટેલ મન -બ્રોન્ઝમેડલ, (૩) ૬૬+kg દુધાત ધર્મ બ્રોન્ઝમેડલ પ્રાપ્તકરી અમરેલી જિલ્લાનું નામ રાજય કક્ષાએ રોશન કરેલ. નોંધનીય છે કે વિદ્યાર્થીઓને દરેક રમત ગમતમાં નિયમિત પ્રેકિટસ માટેનું મજબૂત પ્લેટફોર્મ સંસ્થા તરફથી પૂરૂં પાડવામાં આવે છે. જેથી વધુ સારી રીતે રમત-ગમત ક્ષેત્રે વિદ્યાર્થીઓ ઉજવળ સિધ્ધીઓ પ્રાપ્ત કરી રહયા છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ જુડો ખેલાડી તેમજ કોચ ધ્રુવરાજસિંહ ગોહિલ અને ટ્રેનર કૃપાબેન ચૌહાણને અભિનંદન પાઠવ્યા હતા. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

## માર્ગ અકસ્માતનો ભોગ બનનારને બચાવવા ‘રાહ-વીર’ યોજના અંતર્ગત

# માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલ વ્યકિતને ગોલ્ડન અવરમાં હોસ્પિટલમાં પહોંચાનારને રૂપિયા ૨૫ હજારનો પુરસ્કાર

**અકસ્માતમાં ઈજાગ્રસ્ત બનનારને હોસ્પિટલ સુધી પહોંચાડનારને સન્માનીત કરાશે**

અમરેલી, તા. ૧૧

માર્ગ અકસ્માતોમાં ઈજાગ્રસ્ત હોય તેવા તમામના જીવ બચાવી શકાય તેમાટે અને અકસ્માતોમાં ઘવાયેલા વ્યક્તિઓને તુરંત સહાયભૂત થાય અને ગોલ્ડન અવરમાં જ હોસ્પિટલ કે ટ્રોમાં કેર સેન્ટરમાં સારવાર માટે પહોંચાડનાર વ્યક્તિને રૂા..૨૫ હજારનો પુરસ્કાર અને પ્રશસ્તિ પત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

માર્ગ અકસ્માત વ્યક્તિને મદદ કરવા માટે લોકોમાં વધુમાં વધુ જાગૃતિ આવે તે ઉદ્દેશથી કેન્દ્ર સરકાર દ્વારા ’રાહ-વીર’ અમલી બનાવી છે. જે અગાઉ ગુડ સમરીટન એવોર્ડ યોજના તરીકે કાર્યરત હતી. આ યોજનાનો મુખ્ય દેશ માર્ગ અકસ્માત્મક આ વ્યક્તિઓને મદદ કરવા માટે લોકો વધુમાં વધુ આગળ આવે તે છે.

આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા જે વ્યક્તિ દ્વારા માર્ગ અકસ્માત કરવામાં આવી હોય તે મદદ કરનાર વ્યક્તિને યોજનાના ધારા ધોરણ મુજબ સન્માન રાશિ રૂા.૨૫૦૦૦ ડીબીટીના માધ્યમથી ચૂકવવામાં આવે છે તથા પ્રશસ્તિ પત્ર સાથે જ જાહેર સન્માન પણ કરવામાં આવશે.

‘રાહ - વીર’ ની પસંદગી શહેર -જિલ્લા સ્તરની મૂલ્યાંકન સમિતિ કરશે. ગોલ્ડન અવર એટલે માર્ગ અકસ્માત પછીનો એક તુરંતનો પ્રથમ કલાક છે, જેમાં તાકીદની તબીબી સારવાર જરૂરી છે, જે સમયસર મળવાથી મૃત્યુને મહદ અંશે નિવારી શકાય છે, તેમ એક અમરેલી જિલ્લા નિવાસી અધિક કલેકટરએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦,પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન કેટર્સ MAHAJAN
ALL CATERING SOLUTIONS
EARLY MORNING BED TEA
BREAKFAST & SECOND BREAKFAST
WEL COME COLDRINKS - ELEVENSES
BRUNCH - LUNCH
AFTERNOON TEA & HIGH TEA
SUPPER - DINNER - LATE NIGHT SNAKES
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.















### ઈન્કમટેક્સ બિલમાં ૨૮૫ સુધારા કરાયા

# નિર્મલા સીતારમણે નવું ઈન્કમ ટેક્સ બિલ રજૂ કર્યું

## ઈન્કમટેક્સના જૂના બિલમાં ઘણી મૂંઝવણો છે, જેના કારણે હવે તેને નવા ફેરફાર સાથે રજૂ કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં આજે (૧૧ ઓગસ્ટ) ઈન્કમટેક્સ એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૫ રજૂ કર્યું છે. આ બિલ શુક્રવારે (૭ ઓગસ્ટ) લોકસભામાં રજૂ કરાયું હતું, પરંતુ લોકસભા સ્થગિત થવાના કારણે તેમણે બિલ પરત ખેંચી લેવું પડ્યું હતું. ૧૯૬૧ના આવકવેરા ધારાને સરળ બનાવીને તેનું સ્થાન લેવા માટે તૈયાર કરવામાં આવેલા ઈન્કમટેક્સ સુધારા ખરડામાં કાયદાને સરળ બનાવવાનું અને દંડને ઓછો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

શુક્રવારે ઈન્કમટેક્સ બિલ પરત ખેંચી લેવાયું હતું, પછી કમિટીની ભલામણ બાદ કેન્દ્ર સરકારે તેમાં કેટલાક ફેરફાર કર્યા છે, ત્યારબાદ આજે ફરી સંસદમાં રજૂ કરવામાં આવ્યું છે. આ મુદ્દે સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજિજૂએ કહ્યું કે, 'હવે એવું કહી શકાય કે, ઈન્કમટેક્સ હવે સંપૂર્ણ નવું હશે, બિલ પર ઘણું કામ કરવામાં આવ્યું છે. તે જૂના બિલ કરતા તદ્દન અલગ હશે.'

લોકસભા પસંદગી સમિતીની અધ્યક્ષતા કરનારા ભાજપ નેતા બૈજયંત પાંડાએ 'ઈન્કમટેક્સ એમેન્ડમેન્ટ બિલ ૨૦૨૫'માં ૨૮૫ સુધારા કરવાનું સૂચન આપ્યું હતું, જેને કેન્દ્ર સરકારે સ્વિકારી લીધું છે. ઈન્કમટેક્સના જૂના બિલમાં ઘણી મૂંઝવણો છે, જેના કારણે હવે તેને નવા ફેરફાર સાથે રજૂ કરવામાં આવ્યું છે.

કમિટીએ ૨૧ જુલાઈએ ઈન્કમટેક્સ બિલ અંગેના સૂચનો રજૂ કર્યા હતા. હવે આ સૂચનોને નવા બિલમાં જોડવામાં આવ્યા છે. કમિટીએ કંપનીઓ વચ્ચે ડિવિડંડનું વિતરણ કરવાને લગતી કલમ ૮૦ (એમ) અંગે પણ કેટલા સુધારાઓ સૂચવ્યા છે. કંપનીઓ વચ્ચે ડિવિડંડની વહેંચણી થાય ત્યારે કલમ ૧૧૫બીએએની જોગવાઈનો લાભ આપવામાં આવતો હતો. આ ડિવિડંડ પર સ્પેશિયલ રેટ લગાડવામાં આવી રહ્યો છે. ડ્રાફ્ટ બિલમાં આ બાબતનો ઉલ્લેખ કરવાનો જ રહી ગયો હતો. સિલેક્ટ કમિટીએ આ બાબત પરત્વે ધ્યાન દોર્યું હતું. સિલેક્ટ કમિટીએ સૂચવેલા મોટાભાગના સુધારાઓ સમાવી લેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સુધારાઓમાં આવકવેરાના નિયમો કે કલમોનો ભંગ કરવા બદલ અગાઉના બિલમાં બહુ જ મોટી રકમનો દંડ કરવામાં આવતો હતો. હવે આ દંડની રકમ ખાસ્સી ઓછી કરી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કરદાતા ડ્યૂ ડેટ પછી તેનું રિટર્ન ફાઈલ કરે તો તેને રિફંડ આપવાની ફેબ્રુઆરીમાં રજૂ કરવામાં આવેલા ખરડામાં ના પાડી દેવામાં આવી હતી. આ રિફંડ આપી દેવાનું સૂચન સિલેક્ટ કમિટીએ જણાવ્યું છે. કરદાતાએ ફ્લેટ ખરીદ્યો હોય અને બાંકામ કામ ફાઈનલ ન થયુ હોય તો પહેલા લોન લઈને હપ્તા ભર્યા હોય તો તે રકમ વેરામાં બાદ આપવામાં આવતી નહોતી. હવે તે રકમ પણ બાદ આપવાની ભલામણ કરવામાં આવી છે. હા, તેને માટે જૂની સિસ્ટમ મુજબ રિટર્ન ફાઈલ કરવાનું આવશે.

સૌ પ્રથમ તો કોઈ વ્યક્તિ ફ્લેટની ખરીદી કરવા માટે બેન્કમાંથી લોનનો ઉપાડ કરે છે. તે પ્રોપર્ટીનું બાંધકામ થાય તે પહેલા જ તેના પર વ્યાજ ચૂકવે છે. વ્યાજની આ રકમ કરદાતાને આવકમાંથી બાદ આપવામાં આવતી નથી. માત્ર પોતાની માલિકીની મિલકતમાં જ લોનના વ્યાજની ચૂકવણીની રકમ આવકમાંથી બાદ આપવામાં આવે છે. સિલેક્ટ કમિટીએ સૂચવેલા મોટા સુધારામાંનો આ એક સુધારો છે.

મ્યુનિસિપાલટીના વેરાની કપાત કર્યા પછી આપવામાં આવતા ૩૦ ટકા સ્ટાન્ડર્ડ ડિડક્શનનો સ્પષ્ટ ઉલ્લેખ થયેલો હોવો જોઈએ, તેવો આગ્રહ સિલેક્ટ કમિટીએ રાખ્યો છે. આ લાભ ભાડાંની મિલકતના માલિકોને પણ આપવો જોઈએ.

કમિટીએ ચેરિટેબલ ટ્રસ્ટને માટે પણ કેટલાક સુધારા સૂચવવામાં આવ્યા છે. ચેરિટેબલ ટ્રસ્ટને નનામી ડોનેશન આવતું હતું તેના પર ૩૦ ટકાના દરે ટેક્સ લેવાનું ફેબ્રુઆરીમાં રજૂ કરવામાં આવેલા સુધારા ખરડામાં નક્કી કરવામાં આવ્યું હતું. આ સુધારો લાવવાને કારણે ટ્રસ્ટની તકલીફો વધી જવાની શક્યતા દર્શાવવામાં આવી હતી. નાના નાના દાતાઓના નામ અને આધારકાર્ડ કે પાનકાર્ડ મેળવવા કઠિન હોવાથી તે રકમના દાતાઓની વિગતો આપી શકાય તેમ ન હોવાની દલીલ આગળ કરવામાં આવી હતી. સિલેક્ટ કમિટીએ પણ આ જોગવાઈ ખાસ્સી તકલીફદાયક હોવાનો નિર્દેશ આપ્યો તેને પરિણામે આ જોગવાઈને પણ હળવી કરી દઈને રજૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

### આમ આદમી પાર્ટીમાં મોટી વિકેટ પડી

# ગાંધીનગરના લોકસભા બેઠકના પ્રભારી સૂર્યસિંહ ડાભીએ રાજીનામું આપ્યું

## અવગણના અને નારાજગીને કારણે રાજીનામું આપ્યું

ગાંધીનગર, તા.૧૧

આમ આદમી પાર્ટીમાં એક સાંધો ત્યાં તેર તૂટે જેવો ઘાટ સર્જાતો રહે છે. આવામાં વધુ એક દિગ્ગજ નેતાની વિકેટ પડી છે. આપ પાર્ટીના ગાંધીનગર લોકસભા બેઠકના પ્રભારી સૂર્યસિંહ ડાભીએ પક્ષને રાજીનામું આપ્યું છે. આપ ગુજરાતના ગાંધીનગર લોકસભા બેઠકના પ્રભારી સૂર્યસિંહ ડાભીએ પાર્ટીના તમામ હોદ્દાઓ ઉપરથી રાજીનામું આપતો પત્ર લખ્યો છે. પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવીને પત્ર લખી જાણકારી આપી છે. આપ પાર્ટીમાં પ્રદેશ આગેવાનો દ્વારા સતત અવગણના અને નીતિ રીતિથી નારાજ થઈને રાજીનામું આપ્યું હોવાનો ઉલ્લેખ તેમણે પત્રમાં કર્યો છે.

તેમણે પત્રમાં લખ્યું કે, અમો આમ આદમી પાર્ટીના વિવિય હોદ્દા પર કાર્યરત છીએ પરંતુ પક્ષના કેટલાક પ્રદેશ આગેવાનો તરફથી થતી અવગણના અને તેઓની નીતિરીતિઓથી નારાજ થઈને તેમજ જે વિઝન સાથે અમો પક્ષમાં જોડાયા હતા તે પૂર્ણ થઈ શકે તેવી કોઈ શક્યતા જણાતી નહી હોવાથી હું. આમ આદમી પાર્ટીના નીચે જણાવેલ તમામ હોદ્દા પરથી રાજીનામું આપું છું. જે સ્વીકારવા વિનંતી છે. પ્રદેશ સંગઠન મંત્રી-મધ્ય ઝોન,ગુજરાત, પ્રભારી-ગાંધીનગર લોકસભા બેઠક અને પ્રભારી-ગાંધીનગર ઉત્તર વિધાનસભા સુર્યસિંહ ડાભી પક્ષપલટા માટે સતત ચર્ચામાં રહેતા હોય છે. પહેલા તેઓ કોંગ્રેસમાં હતા અને ત્યાર બાદ ગત વિધાનસભાની ચૂંટણી દરમિયાન આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. પરંતુ ગાંધીનગર ઉત્તર બેઠક પરથી ટિકિટ ન મળતા સમાજવાદી પાર્ટીમાંથી ફોર્મ ભર્યું હતું. તે સમયે પણ તેઓએ આપના ગુજરાત પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાને સૂર્યસિંહ ડાભીએ રાજીનામું મોકલી આપ્યું હતું. ગાંધીનગરની એક પણ બેઠક પર રાજપૂત સમાજને આમ આદમી પાર્ટીએ ટિકિટ ન આપતા રાજપુત સમાજ નારાજ છે તેવું કારણ તેઓએ દર્શાવ્યું હતું.

આમ, એક તરફ આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલ ગુજરાત મિશન પર ફોકસ કરી ગુજરાતમાં પોતાના પગ મજબૂત કરવા મથી રહ્યાં છે. ત્યાં બીજી તરફ, આપ ગુજરાતમાં નારાજગીના દોર ચાલી નીકળ્યા છે. હાલમાં જ આપના ધારાસભ્ય હેમંત ખવા ભાજપના નેતાઓ સાથે સ્ટેજ પર જોવા મળ્યા હતા. તો ત્યાં બોટાદમાં આપના ધારાસભ્ય ઉમેશ મકવાણાએ પોતાની નારાજગી દર્શાવી હતી. ઉમેશ મકવાણાએ ગુજરાત વિધાનસભામાં આપના દંડકના પદ પરથી રાજીનામું આપ્યું હતું. તેમણે આપના રાષ્ટ્રીય કન્વીનર અરવિંદ કેજરીવાલને રાજીનામું મોકલ્યું હતું, જેમાં જણાવ્યું કે પાર્ટીમાં મારી સામાજિક સેવાઓ ઘટી જવાથી હું તમામ હોદ્દા પરથી રાજીનામું આપું છું.

### પોલીસની હાજરીમાં જ હિન્દુ સંગઠનોએ કરી તોડફોડ

# ભાજપના નેતાએ મકબરાને મંદિર ગણાવ્યું, પૂજા કરવા ભીડ ભેગી થઈ

## હિન્દુ સંગઠનોએ દાવો કર્યો છે કે, મકબરો શિવ અને શ્રી કૃષ્ણ મંદિર છે : સ્થળ પર હિન્દુ સંગઠનના લોકોની ભીડ

ફતેહપુર, તા.૧૧

ફતેહપુરમાં નવાબ અબ્દુલ સમદના મકબરાને લઈને મોટો હોબાળો મચી ગયો છે. આજે સોમવારે સવારે તે મકબરો તોડવા માટે હિન્દુ સંગઠનો પહોંચી ગયા હતા અને તેમનો દાવો છે કે, હજારો વર્ષ પહેલા આ સ્થળે ભગવાન શિવ અને શ્રી કૃષ્ણનું મંદિર હતું. જોકે વહીવટીતંત્રે મકબરાની સુરક્ષા માટે બેરિકેડ લગાવ્યા હતા, પરંતુ આટલી મોટી ભીડ હતી કે પ્રશાસનને પીછે હટ કરવી પડી હતી. આ સમગ્ર વિવાદ શિવ મંદિર અને મકબરાનો છે. હિન્દુ સંગઠનોએ દાવો કર્યો છે કે, મકબરો શિવ અને શ્રી કૃષ્ણ મંદિર છે. સ્થળ પર હિન્દુ સંગઠનના લોકોની મોટી ભીડ એકઠી થઈ ગઈ છે. હિન્દુ સંગઠનના લોકો અહીં મકબરામાં પૂજા કરવા માટે ભેગા થયા છે. વહીવટીતંત્ર આ લોકોને રોકવાનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ મોટી ભીડને કારણે તે સફળ થઈ શક્યું નહીં.

ભાજપ જિલ્લા પ્રમુખે દાવો કર્યો હતો કે, સદર તહસીલ વિસ્તારમાં સ્થિત નવાબ અબ્દુલ સમદ મકબરો એક મંદિર છે અને અહીંથી જ વિવાદ શરૂ થયો હતો. તેમણે આ મકબરાને ઠાકુરજી અને શિવનું હજાર વર્ષ જૂનું મંદિર ગણાવ્યું હતું. મંદિરનું સ્વરૂપ બદલીને તેને મકબરો બનાવવાનો આરોપ લાગ્યો છે.

હિન્દુ સંગઠનોએ કહ્યું છે કે, મકબરામાં કમળનું ફૂલ અને ત્રિશૂળનું ચિહ્ન તેના મંદિર હોવાનો પુરાવો છે. જિલ્લા વહીવટીતંત્રે આ બાબતને ગંભીરતાથી લીધી છે અને હાલમાં ઘણા પોલીસ સ્ટેશનનો પોલીસ દળ સ્થળ પર હાજર છે. હિન્દુ સંગઠનના લોકો મકબરો સંકુલમાં બનેલા મંદિરમાં ઘૂસી ગયા છે અને તોડફોડ કરી રહ્યા છે. આ દરમિયાન પોલીસ સાથે ઘર્ષણ પણ થયું છે.

### આદિવાસીઓએ કરી આંદોલનની તૈયારી

# ગુજરાતમાં ફરી પાર તાપી નર્મદા રિવર લિંક પ્રોજેક્ટનું ભૂત ધૂણ્યું

નવસારી, તા.૧૧

ગુજરાત અને મહારાષ્ટ્ર બે રાજ્યોની નદીઓને જોડવાની યોજના પાર તાપી નર્મદા રિવર લિંક પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૨ માં ગાજ્યા બાદ સરકારે પ્રોજેક્ટ રદ્દ કર્યો હતો. પરંતુ હાલમાં લોકસભામાં પૂછાયેલા પ્રશ્ન બાદ કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલ દ્વારા પાર તાપી નર્મદા રિવર લિંક પ્રોજેક્ટ મુદ્દે ફરી આક્રમકતા બતાવી ૧૪ ઓગસ્ટથી આંદોલનની તૈયારી કરી છે. ત્યારે વલસાડના સાંસદ ધવલ પટેલે પ્રેસ કોન્ફરન્સ કરી, કોંગ્રેસી ધારાસભ્ય આદિવાસીઓને ગુમરાહ કરીને પોતાનું અસ્તિત્વ બચાવવાનો પ્રયાસ કરે છે. રિવર લિંક પ્રોજેક્ટ થવાનો જ નથીની સ્પષ્ટતા કરી છે.

નવસારી જિલ્લા સહિત દક્ષિણ ગુજરાતમાં ફરી પાર તાપી નર્મદા રિવર લિંક પ્રોજેક્ટનું ભૂત ધૂણ્યું છે. જેમાં કોંગ્રેસ દ્વારા આદિવાસી સંઘર્ષ સમિતિ બનાવી આંદોલનની તૈયારી કરી છે. જેમાં ભાજપી ધારાસભ્યોએ રિવર લિંક પ્રોજેક્ટ મુદ્દે કોંગી ધારાસભ્ય અનંત પટેલ લોકોને ભરમાવી રહ્યાની વાત કરતા અનંત પટેલે વલસાડના સાંસદ અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી પાસે ખુલાસાની માંગ કરી હતી. જેમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલે નવસારીમાં વૃક્ષારોપણ કાર્યક્રમમાં પાર તાપી નર્મદા રિવર લિંક પ્રોજેક્ટ રદ્દ થયો છે અને મોદી સરકાર આદિવાસીઓના હિતમાં જ છે તેવું કહ્યું હતું. ત્યારબાદ વલસાડના સાંસદ ધવલ પટેલે પ્રેસ કોન્ફરન્સ કરી કોંગ્રેસના આક્ષેપોની હવા કાઢી સત્યતા મુકી છે. જેમાં વર્ષ ૨૦૨૨ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખે રિવર લિંક પ્રોજેક્ટ રદ્દ કર્યો હતો. હાલમાં લોકસભામાં પ્રશ્ન પૂછાયો હતો અને આ પ્રશ્નમાં દેશના તમામ પ્રોજેક્ટ વિશે માહિતી આપવામાં આવી હતી. જેને આધાર બનાવી કોંગી ધારાસભ્ય આદિવાસીઓને ભરમાવી રહ્યા છે. સરકાર દ્વારા કોઈ નોટિફિકેશન કે સર્ક્યુલેશન પાડ્યું નથી. તો શ્વેતપત્ર પણ આપવાનો મુદ્દો નથી. કોંગ્રેસ પહેલા લેખિતમાં પ્રોજેકટ, તેની સમાયવધિ અને ફન્ડિંગ વિશેનું ભારત સરકારનું લેખિત નોટિફિકેશન આપે પછી શ્વેતપત્રની માંગ કરે. ભાજપ હંમેશા આદિવાસીઓના વિકાસ માટે હંમેશા તત્પર છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હંમેશા આદિવાસીઓના હિતના નિર્ણયો લીધા છે. ત્યારે આ પાર તાપી નર્મદા રિવર લિંક પ્રોજેક્ટ થવાનો નથી

નવસારીમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી. આર. પાટીલની રિવર લિંક પ્રોજેક્ટ મુદ્દે સ્પષ્ટતા બાદ અનંત પટેલે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, DPR ન બન્યો હોય કે આ યોજના થવાની ન હોય તો આદિવાસી સમાજ તમારો વિશ્વાસ કરવાનો નથી. તમારે આદિવાસી સમાજનો વિશ્વાસ સંપાદન કરવો હોય તો આ પ્રોજેક્ટ થવાનો નથી લેખિતમાં આપો, નહીં તો લોકસભામાં શ્વેતપત્ર રજૂ કરો કે આ યોજના કોઈ દિવસ બનશે નહીં અને આ વિસ્તારમાં ડેમ બનશે નહીં. આદિવાસી સમાજ જાગી ગયો છે, ગૂગલ સર્ચ કરો તો DPR બતાવશે. માહિતી બતાવશે. આદિવાસી સમાજ ભોળો છે એને ભોળવવાની કોશિશ ન કરો. મૂરખ બનાવવાની કોશિશ ન કરો. ૧૪ ઓગસ્ટે અમે ધરમપુરમાં વિશાલ રેલી કાઢી આદિવાસી સમાજનો આક્રોશ લોકો સુધી પહોંચાડીશું. કોઈ દિવસ એક ઈંચ જમીન કે પાણી આપવાના નથી.

### નિફ્ટી ૨૪૫૦૦ ક્રોસ

# શેરબજારમાં મંદીને બ્રેક, સેન્સેક્સ ૭૫૦ પોઈન્ટ ઉછળ્યો

## સેન્સેક્સ ૭૪૬.૨૯ પોઈન્ટ ઉછળી ૮૦૬૦૪.૦૮ પર બંધ : નિફ્ટી ઉછળા સાથે ૨૪૫૮૫.૦૫ પર બંધ

મુંબઈ, તા.૧૧

શેરબજારમાં છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી મંદીને આજે બ્રેક વાગી છે. સેન્સેક્સ આજે ૭૭૮ પોઈન્ટ ઉછળ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૨૫૦૦ની મહત્ત્વની ટેકાની સપાટીએ પરત ફર્યો હતો. આ સાથે રોકાણકારોની મૂડીમાં રૂ. ૩.૫૪ લાખ કરોડનો વધારો થયો હતો. સેન્સેક્સ આજે ૭૪૬.૨૯ પોઈન્ટ ઉછળી ૮૦૬૦૪.૦૮ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૨૧.૭૫ પોઈન્ટ ઉછળા સાથે ૨૪૫૮૫.૦૫ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સ પેકમાં મારૂતિ, ભારતી એરટેલ અને BEL સિવાય તમામ શેર્સ ઉછાળા સાથે બંધ રહ્યા હતા. એકંદરે આજે માર્કેટમાં લગભગ તમામ સેગમેન્ટમાં સુધારાનો માહોલ જોવા મળ્યો હતો. હેલ્થકેર, ઓટો, બેન્કેક્સ, રિયાલ્ટી સેગમેન્ટમાં નીચા મથાળે ખરીદી વધી હતી. પરિણામે ઈન્ડેક્સ ૧ ટકાથી વધુ સુધારા સાથે બંધ રહ્યા હતાં. આ સિવાય એનર્જી, એફએમસીજી, ઓઈલ એન્ડ ગેસ, પાવર ઈન્ડેક્સ ૦.૫૦-૧ ટકા આસપાસ ઉછાળે બંધ રહ્યા હતા. ઉલ્લેખનીય છે, ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સંબંધોમાં વધુ ખટાશ આવે તેવી સંભાવનાઓના કારણે આઈટી સેક્ટરમાં કોઈ ખાસ ખરીદી જોવા મળી ન હતી. બીએસઈ આઈટી ઈન્ડેક્સ ૦.૩૬ ટકા અને ટેક્નોલોજી ૦.૩૪ ટકાના નજીવા સુધારે બંધ રહ્યા હતાં.

નીચા મથાળે ખરીદીનું વલણ: ટ્રમ્પના ટેરિફ બોમ્બના કારણે સળંગ છ દિવસ સુધી સ્ટોક માર્કેટ તૂટ્યા બાદ આજે નીચા મથાળે ખરીદી વધી હતી. અમેરિકાની ધમકી સામે ભારતે પોતાનું અડગ વલણ જાળવી રાખી લોકોને પેનિક ન થવાનું નિવેદન આપતાં શેરબજારને ટેકો મળ્યો છે.વૈશ્વિક બજારોમાં સુધારો: આજે મોટાભાગના એશિયન સ્ટોક માર્કેટમાં સુધારાનું વલણ જોવા મળ્યું હતું. અમેરિકાના ફુગાવાના આંકડા જાહેર થવાના છે. જેમાં વૃદ્ધિની અપેક્ષાએ ડોલર અને બોન્ડમાં ઘટાડો નોંધાતા શેરબજારને ટેકો મળ્યો છે. ડાઉ જોન્સ, નાસડેક પણ ૨૦૦થી વધુ પોઈન્ટના ઉછાળા સાથે બંધ રહ્યા હતા.ક્રૂડના ભાવમાં ઘટાડો: ગત સપ્તાહે ક્રૂડના ભાવ ૪ ટકા સુધી તૂટ્યા હતાં. રોકાણકારો અમેરિકા અને રશિયા વચ્ચે આ સપ્તાહે યુદ્ધ વિરામ માટે યોજાનારી બેઠક પર નજર રાખી રહ્યા છે. બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ આજે ૦.૫ ટકા તૂટી ૬૬.૨૬ ડોલર પ્રતિ બેરલ નોંધાયુ હતું.

### ૩ મહિના બાદ તે જુઓ જે કોઈએ નથી જોયું

# ઓપરેશન સિંદૂરનો ૫ મિનિટ ૫૦ સેકન્ડનો વીડિયો બહાર પડાયો

## વીડિયોમાં દર્શાવે છે કે ભારતે આતંકવાદની કમર કેવી રીતે તોડી હતી અને પાકિસ્તાનના મનોબળને તોડ્યું હતું

નવી દિલ્હી, તા.૧૧

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકી હુમલાના જવાબમાં ભારતે ૬ અને ૭ મેની રાત્રે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. આ અભિયાન દ્વારા ભારતે પાકિસ્તાન અને પાક અધિકૃત કાશ્મીર (PoK) માં ૯ આતંકી કેમ્પને ધ્વસ્ત કર્યા હતા. ઓપરેશન સિંદૂરના ત્રણ મહિના બાદ ભારતીય વાયુસેનાએ ૫ મિનિટ ૫૦ સેકેન્ડનો એક વીડિયો જારી કર્યો છે, જેમાં જોવા મળી રહ્યું છે કે ભારતે કઈ રીતે આતંકીઓની કમર તોડવાની સાથે પાકિસ્તાનના મનોબળને પણ તોડ્યું હતું.

ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજામાં રહેલા કાશ્મીરમાં આતંકીઓના કેમ્પ પર એર સ્ટ્રાઈક કરી હતી, જેમાં આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબાનું હેડક્વાર્ટર અને જૈશ-એ-મોહમ્મદના મુખિયા મસૂદ અઝહરનો કેમ્પ તબાહ થઈ ગયો હતો. આ ઓપરેશનમાં ૧૦૦થી વધુ આતંકીઓના મોત થયા હતા. ભારતે મરકઝ સુભાન અલ્લાહ બહાવલપુર, મરકઝ તૈયબા મુરીદકે, સરજલ તેહરા કલાન, મેહમૂના ઝોયા સિયાલકોટ, મરકઝ અહલે હદીસ બરનાલા, મરકઝ અબ્બાસ કોટલી, મસ્કર રાહીલ શાહિદ કોટલી, શવાઈ નાલા કેમ્પ મુઝફ્ફરાબાદ અને સૈયદના બિલાલ કેમ્પ મુઝફ્ફરાબાદ પર હુમલો કર્યો હતો.

ઓપરેશન સિંદૂરની સફળતાનો ઉલ્લેખ કરતા, તાજેતરમાં વાયુસેનાના વડા એર ચીફ માર્શલ સિંહે બે પ્રકારના ચિત્રો બતાવ્યા, જે પાકિસ્તાનમાં થયેલા નુકસાન પહેલા અને પછીના હતા. આ ચિત્રો સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ સંપૂર્ણ ચોકસાઈ સાથે આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો હતો. આ સાથે, ભારતીય વાયુસેનાના વડાએ પ્રથમ વખત સત્તાવાર રીતે પુષ્ટિ કરી કે ૫ પાકિસ્તાની ફાઈટર જેટ અને એક મોટું વિમાન (ગુપ્ત માહિતી એકત્રિત કરતું વિમાન) તોડી પાડવામાં આવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે ભારતે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનના ઘણા એરબેઝનો પણ નાશ કર્યો હતો.

### કર્ણાટક કોંગ્રેસમાં ઘમસાણ

# રાહુલ ગાંધી સામે સવાલ ઉઠાવનારા મંત્રીનું રાજીનામું

## સિદ્ધારમૈયાના અંગત નેતાઓ પૈકી એક અને રાજ્યના સહકારિતા મંત્રી કે. રાજન્નાને રાજીનામું આપવા આદેશ

બેંગલુરુ, તા.૧૧

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના અંગત નેતાઓ પૈકી એક અને રાજયના સહકારિતા મંત્રી કે. રાજન્નાને રાજીનામું આપવા આદેશ આપવામાં આવ્યો છે. લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીની મત ચોરીના આરોપો પર સવાલ ઉઠાવવા બદલ મંત્રીને ભારે કિંમત ચૂકવવી પડી છે. તેમના રાજીનામાની રાજકારણમાં ચર્ચા થઈ રહી છે. રાજીનામું આપતાં પહેલા મંત્રી રાજન્નાએ વિધાનસભામાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની મુલાકાત પણ લીધી હતી. વિધાનસભા સેશન દરમિયાન ભાજપે આ મામલો ઉઠાવ્યો હતો. તેમજ રાજીનામા પર સવાલો પણ ઉઠાવ્યા હતા.

ભાજપે વિધાનસભામાં પૂછ્યું હતું કે, અચાનક મંત્રી પાસેથી રાજીનામું કેમ લેવામાં આવ્યું, સરકારે આ અંગે માહિતી આપવી પડશે. બીજી તરફ સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે કે, રાજન્નાને મત ચોરીના આરોપોમાં સવાલો પૂછવા ભારે પડ્યા છે. રાહુલ ગાંધીએ ગત સપ્તાહે કર્ણાટકનું ઉદાહરણ આપતાં આરોપ મૂક્યો હતો કે, એક લાખ મતની ચોરી થઈ છે. તેના પર સવાલ ઉઠાવતાં રાજન્નાએ કહ્યું હતું કે, જો કર્ણાટકમાં મતની ચોરી થઈ છે, તો તેની જવાબદારી આપણી સરકારે પણ લેવી જોઈએ. કર્ણાટકમાં વોટર લિસ્ટ રિવિઝન કોંગ્રેસ સરકારના સમયમાં થયુ હતું. એવામાં કોંગ્રેસ સરકારની પણ જવાબદારી હતી કે, તે મતદાર યાદીને તૈયાર કરવાની પ્રક્રિયા પર નજર રાખે. જો ત્યારે સવાલ ઉઠાવવામાં આવ્યો હોત તો આ સમસ્યા ન સર્જાતી.

કર્ણાટકમાં કોંગ્રેસ સરકારના જ મંત્રી દ્વારા કોંગ્રેસના દિગ્ગજ નેતા રાહુલ ગાંધીના આક્ષેપો સામે સવાલો ઉઠાવવામાં આવતાં રાજકારણ ગરમાયું છે. તેમજ રાજન્નાને પદ પરથી જ દૂર થવા મજબૂર કર્યા. રાજન્નાએ કહ્યું હતું કે, કર્ણાટકમાં વોટર લિસ્ટમાં સંશોધન આપણી સરકારના સમયે થયુ હતું. ત્યારે આપણા પક્ષે પણ આંખે પાટા બાંધી લીધા હતાં. મતદારની યાદીમાં ગેરરીતિઓ થઈ છે, પરંતુ ચિંતાનો વિષય એ છે કે ,આ બધુ આપણી સામે થયું. આ મામલે કોંગ્રેસ સમય સૂચકતા સાથે જવાબદારી નિભાવી શકી નહીં.

કે. રાજન્ના છેલ્લા બે મહિનાથી ચર્ચામાં હતા. તે સિદ્ધારમૈયાના નજીકના નેતાઓ પૈકી એક છે. તેઓ છેલ્લા બે મહિનાથી સતત કહી રહ્યા હતા કે, ઓગસ્ટમાં ક્રાંતિ થવાની છે અને સરકારમાં મોટા ફેરફારો થશે. તેનાથી લોકોએ તારણ કાઢ્યું હતું કે, રાજય સરકારમાં મોટા ફેરફારો હાથ ધરાશે. પરંતુ કોઈને અંદાજ ન હતો, રાજન્ના પાસેથી જ રાજીનામું લેવામાં આવશે.

# સાયબર ક્રાઇમ : બેન્ક ખાતા ફ્રીઝ થતાં લોકોના ૧૬૦૦ કરોડ અટવાયા

નવી દિલ્હી, તા.૧૧

એક સમયે લોકોના ઘરમાં ઘુસીને ચોરી કે રસ્તાઓ ઉપર લૂંટફાટ થતી હતી. પણ, આધુનિક જમાનામાં સાયબર ક્રાઈમએ નવુ ચોરી-લૂંટફાટનું નવુ સ્વરૂપ ધારણ કર્યું છે. નેટ બેક્કિંગના જમાનામાં સાયબર ચાંચિયાઓ એ હદે બેફામ બન્યાં છે કે, સવા ત્રણ વર્ષમાં ભારતના નાગરિકોના ૧૪૫ અબજ રૂપિયાની ચોરી કરી છે. કેન્દ્રીય ગૃહવિભાગના વર્ષ ૨૦૨૩-૨૪ના વાર્ષિક અહેવાલમાં આ આંકડા જાહેર કરવામાં આવ્યા છે. સાયબર ક્રાઈમની તપાસ કરતી પોલીસે સરેરાશ ૧૦ ટકા બેક્ક ખાતાંઓ ફ્રીઝ કરતાં લોકોના ૧૬ અબજ રૂપિયા અટવાયાં હતાં. આ મુદ્દે હોબાળો મચતાં ફ્રીઝ કરેલી રકમ એટલે કે લિયન એમાઉન્ટ છૂટ્ટી કરવા ઉચ્ચ સ્તરેથી આદેશો કરવા પડ્યા હતા. કમનસીબી એ છે કે, સાયબર ગુનો આચરતી ટોળકીનો ભોગ બનેલાં અનેક નાગરિકોને પોતાના પૈસા પાછા મેળવવા માટે પોલીસને ૧૦થી ૩૦ ટકા જેટલી રકમનું નૈવેદ્ય ધરવું પડતી હોવાની લોક ફરિયાદો હજુ પણ ઉઠી રહી છે.

સાયબર ક્રાઈમના પડકારને પહોંચી વળવા માટે હવે દેશના તમામ રાજ્યોમાં કુલ ૭૭૩ જિલ્લાના ૧૩૨૭૯ પોલીસ સ્ટેશનોમાં સાયબર ક્રાઈમના ગુના નોંધવા અને તેને રોકવા માટે કાર્યવાહી શરૂ થઈ છે. નેશનલ લેવલે સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ ઉપરાંત દરેક રાજ્યમાં સ્ટેટ લેવલના સાયબર ક્રાઈમ સેલ અને રાજ્યોમાં જિલ્લા તેમજ મોટા શહેરોમાં સાયબર ક્રાઈમ યુનિટ કાર્યરત કરવામાં આવ્યાં છે. આમ છતાં, વિદેશથી સંચાલન કરીને સાયબર ક્રાઈમ આચરતી ટોળકીઓ ભારતમાંથી સામાન્ય નાગરિકોના અબજો રૂપિયા પડાવી લે છે.

વર્ષ ૨૦૨૧થી માર્ચ-૨૦૨૪ સુધી ભારતમાં સાયબર ક્રાઈમની કુલ ૨૧.૬૧ લાખ ફરિયાદો નોંધાઈ. તેમાં નાગરિકોએ ૧૪૫ અબજ રૂપિયા ગુમાવ્યાં છે. નાગરિકોની ફરિયાદના પગલે આ પૈસા પરત મેળવવા માટે જે બેક્ક ખાતાંમાં પૈસા ગયાં હોય તેને ફ્રીઝ કરાવવાની પ્રક્રિયા હાથ ધરાય છે. દેશમાં ઈ-ચીટિંગથી ગુમાવેલા પૈસામાંથી સરેરાશ ૧૦ ટકા રકમ લિયન એટલે કે શંકાસ્પદ બેક્ક ખાતાંઓમાં ફ્રીઝ કરવામાં આવે છે. ફ્રીઝ કરાયેલાં ૧૬ અબજ રૂપિયા બેક્ક ખાતાંઓમાં અટવાયેલાં પડ્યાં છે.

ગુજરાત કે દેશભરમાં સાયબર ક્રાઈમ ઠગાઈના પૈસા જે ખાતામાં ગયાંની પાક્કી વિગતો હોય તેવા બેક્ક ખાતાં જ ફ્રીઝ કરવામાં આવે છે. પરંતુ, બેક્ક ખાતાં ફ્રીઝ કરવાની કાર્યપધ્ધતિ ચર્ચાસ્પદ બની છે. કોઈ બેક્ક ખાતાંમાં ૧૦ લાખની રકમ હોય તે ફ્રીઝ કરી દેવામાં આવે પણ પોલીસ તપાસમાં સાયબર ક્રાઈમના એક કે બે લાખ રૂપિયાની હેરાફેરી થયાંની શંકા હોય તો પણ તમામ ૧૦ લાખની રકમ ફ્રીઝ કરવામાં આવે છે. સાયબર ક્રાઈમની રકમ જ ફ્રીઝ કરવામાં આવે તેવા આદેશો બહાર પાડવામાં આવ્યા હોવા છતાં અમદાવાદ શહેર સાયબર ક્રાઈમ બ્રાન્ચ યુનિટને બાદ કરતાં રાજ્યભરમાં ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ સહિત મહદઅંશે પોલીસ કે સાયબર ક્રાઈમ રોકવા કાર્યરત ટૂકડીઓ તમામ રકમ ફ્રીઝ કરે છે. લિયન એમાઉન્ટ એટલે કે ફ્રીઝ કરાયેલી રકમ છૂટ્ટી કરવા માટે ત્વરિત કાર્યવાહી કરવા માટે આદેશો કરવામાં આવ્યા હોવા છતાં સાયબર ક્રાઈમની રોકથામના બહાને આવી રકમ રોકી રાખવામાં આવે છે. એવી પણ ફરિયાદો છે કે, સાયબર ક્રાઈમમાં ફ્રીઝ થયેલાં એકાઉન્ટસના પૈસા મુક્ત કરવા માટે ૧૦થી ૩૦ ટકા સુધી નૈવેદ્ય ધરવું પડે છે.

# વિસનગર પહોંચેલા દિપક તિજોરીએ પોતાના પૂર્વજોની યાદો તાજી કરી

વિસગનર, તા.૧૧

બોલિવૂડના જાણીતા અભિનેતા દીપક તિજોરી તેમની આગામી ગુજરાતી ફિલ્મ ગેટ સેટ ગોના શૂટિંગ માટે ગુજરાત આવ્યા છે. આ દરમિયાન તેઓ પોતાના પૂર્વજોના શહેર વિસનગર પહોંચ્યા હતા. દીપક તિજોરીના દાદા અને પરદાદા વિસનગરથી મુંબઈ સ્થળાંતર થયા હતા, તેથી આ શહેરની મુલાકાત લેવાનું તેમનું એક લાંબા સમયથી સપનું હતું.

વિસનગરમાં ફરતી વખતે, દીપક તિજોરીએ એક રીલ બનાવી અને સોશિયલ મીડિયા પર શેર કરી. આ રીલમાં તેમણે કહ્યું કે, નમસ્કાર, આજ કા રીલ બડા ખાસ હૈ. બહોત-બહોત શુક્રિયા ઉપરવાલે કા કે મુજે યે મોકા દિયા. બહોત સુકૂન મિલા. દીપક તિજોરીએ વિસનગરમાં આવેલા ઐતિહાસિક ક્લોક ટાવરની પણ મુલાકાત લીધી. આ ક્લોક ટાવરનું નિર્માણ તેમના પરદાદાએ કરાવ્યું હતું. ૧૯૧૯માં બનેલી આ ટાવરની ઘડિયાળ પાસે આજે પણ તેમની દાદી મોતીબાઈનું નામ લખેલું છે, જેને જોઈને તેઓ અત્યંત ભાવુક થયા હતા. આ મુલાકાતથી દીપક તિજોરીને પોતાના મૂળ સાથે ફરી જોડાવાનો અનેરી આનંદ થયો હતો.

# પાકિસ્તાની આર્મી ચીફ મુનીરે મુકેશ અંબાણી પર ટાર્ગેટ કરીને આપી ધમકી

ઈસ્લામાબાદ, તા.૧૧

પાકિસ્તાનના સેના પ્રમુખ જનરલ અસીમ મુનીરે ફરી એકવાર ભારત વિરુદ્ધ ઉશ્કેરણીજનક નિવેદન આપીને વિવાદ ઉભો કર્યો છે. અમેરિકામાં પાકિસ્તાની પ્રવાસી સમુદાયને સંબોધતા મુનીરે ધાર્મિક સ્વરમાં ભારતીય ઉદ્યોગપતિ મુકેશ અંબાણીને ધમકી આપી હતી.

પાકિસ્તાની ફિલ્ડર અસીમ મુનીરે પોતાના ભાષણમાં કહ્યું, એક ટ્વીટ કરવામાં આવ્યું હતું, જેમાં સૂરા ફીલ અને મુકેશ અંબાણીનો ફોટો હતો, જેથી પાકિસ્તાન આગલી વખતે શું કરશે તે અંગે સંદેશ આપી શકાય. મુનીરે ધમકીભર્યા સ્વરમાં કહ્યું, આપણે ભારતના પૂર્વથી શરૂઆત કરીશું, જ્યાં તેમના સૌથી મૂલ્યવાન સંસાધનો છે, અને પછી પશ્ચિમ તરફ આગળ વધીશું.

ફીલ એક અરબી શબ્દ છે, જેનો અર્થ હાથી છે. સૂરા ફીલ કુરાનની એક સૂરા છે, જેમાં કહેવામાં આવ્યું છે કે કેવી રીતે ભગવાને પક્ષીઓને દુશ્મનના હાથીઓ પર પથ્થરોનો વરસાદ કર્યો અને તેમને ભૂસામાં ફેરવી દીધા. અસીમ મુનીર હાફિઝ એ કુરાન છે, એટલે કે, તેણે આખું કુરાન કંઠસ્થ કર્યું છે. અગાઉ પણ તે ભારત વિરુદ્ધ લાગણીઓ ભડકાવવા માટે આવા ધાર્મિક સૂત્રોનો ઉપયોગ કરતો રહ્યો છે.

અસીમ મુનીર અહીં જ અટક્યા નહીં, તેમણે પોતાના પરમાણુ શસ્ત્રો બતાવ્યા અને ધમકી આપી કે જો ભારત સિંધુ નદી પર બંધ બનાવશે, તો તેને મિસાઈલોથી નાશ કરવામાં આવશે. મુનીરે કહ્યું, અમે ભારત બંધ બનાવે તેની રાહ જોઈશું, અને પછી અમે તેને ૧૦ મિસાઈલોથી નાશ કરીશું. સિંધુ નદી ભારતની પૂર્વજોની મિલકત નથી, અને અમારી પાસે મિસાઈલોની કોઈ કમી નથી.

ભારત સરકારે મુનીરના આ નિવેદન પર કડક પ્રતિક્રિયા આપી છે અને તેને પરમાણુ શસ્ત્રોથી સજ્જ એક બેજવાબદાર દેશ ની માનસિકતા ગણાવી છે. સરકાર સાથે સંકળાયેલા સૂત્રોએ મુનીરના નિવેદનને અત્યંત બેજવાબદાર ગણાવ્યું છે અને ચેતવણી આપી છે કે પાકિસ્તાનમાં પરમાણુ શસ્ત્રો બિન-રાજ્ય તત્વોના હાથમાં જવાનો ખતરો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નિવેદન પાકિસ્તાનમાં લોકશાહીના અભાવનું ઉદાહરણ છે, જ્યાં વાસ્તવમાં સત્તા સેનાના હાથમાં છે.

# અમરેલીનાં ભાજપ અગ્રણી દીપક વઘાસીયાની ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર સાથે મુલાકાત



એકાત્મ માનવવાદ, અંત્યોદય તથા રાષ્ટ્રવાદી વિચારધારાનું સિંચન કરતાં હજારો કાર્યકરોનાં માર્ગદર્શક ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના સંગઠન મહામંત્રી માનનીય રત્નાકરજી અમરેલી જીલ્લાનાં પ્રવાસે હતાં ત્યારે તેઓએ અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સાથે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદથી લઈ યુવા મોરચો તેમજ ભારતીય જનતા પાર્ટીમાં નિષ્ઠા પૂર્વક જવાબદારી સંભાળનાર પક્ષનાં શિસ્તબદ્ધ યુવા આગેવાન દિપકભાઈ વઘાસિયાની સંસ્થા શ્રીજી વિદ્યાર્થી ભૂવનની મુલાકાત લીધી હતી, સંસ્થાની શૈક્ષણિક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિ તેમજ ગેશાળા સહિત સ્વચ્છતા જોઈને સંચાલક દંપતિ વિલાસબેન વઘાસિયા તેમજ દિપક ગુરૂજીને ધન્યવાદ પાઠવ્યાં હતાં. આ તકે જીલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી અને વિ હિન્દુ પરિષદનાં પૂર્વ અધ્યક્ષ ડો. ભાનુભાઈ કીકાણી, શહેર ભાજપ ઉપપ્રમુખ નાથુભાઈ ધાધલ તેમજ સામાજિક કાર્યકર્તા વિપુલ ભટ્ટી ઉપસ્થિત રહ્યાં હતાં અને કુશળ સંગઠક આદરણીય રત્નાકરજીનું 'હર ઘર તિરંગા' સુંદર મોમેન્ટો તેમજ પુસ્તકો દ્વારા અભિવાદન કર્યુ હતું.

## ભગવાન શિવજીની ત્રીજી આંખ માત્ર સંહાર કે ક્રોધનું ચિન્હ નથી, પરંતુ તે જાગૃતિનો પ્રકાશ, આંતરિક દ્રષ્ટિનો સ્ત્રોત અને અહંકારના અંતનો સંકેત

અમરેલી, તા. ૧૧

ભગવાન શિવજીની ત્રીજી આંખ માત્ર સંહાર કે ક્રોધનું ચિહ્ન નથી, પરંતુ તે જાગૃતિનો પ્રકાશ, આંતરિક દષ્ટિનો સ્ત્રોત અને અહંકારના અંતનો સંકેત છે. આપણી બે આંખોથી આપણે બાહ્ય જગતને જોઈએછીએ, પરંતુત્રીજીઆંખથીવ્યકિ પોતાના આંતરિક જગતને જોઈ શકે છે, જયાં શાંતિ અને સત્યનો વાસ છે. શિવપુરાણમાંશિવજીની ત્રીજી આંખને જ્ઞાનનાપ્રતીકતરીકે દર્શાવવામાંઆવી છે. તે ફકત ક્રોધ કે સંહાર માટે જ નહીં, પરંતુ અધર્મ અને અજ્ઞાનતાનો નાશ કરવામાટેખૂલેછે. જયારેપણકોઈ ભ્રમ, અસત્ય કે અન્યાય સૃષ્ટિમાં ફેલાય છે, ત્યારે શિવજીની ત્રીજી આંખ સત્યનું દર્શનકરાવેછેઅનેઅંધકારનોનાશકરે છે. શિવજીનુંત્રીજુંનેત્ર તેમનાજ્ઞાનઅને તપની શકિતનું પ્રતીક પણ છે જે બાહ્ય દેખાવાથી જઈને વાસ્તવિકતાને ઓળ ખેછે. ૨૧મી સદીમાંશિવઋષિઓઅને દેવો પણ શિવજીની આ દિવ્ય દષ્ટિને



પ્રણામ કરે છે, કારણ કે તે ત્રણેય કાળ (ભૂતકાળ, વર્તમાનકાળ, ભવિષ્યકાળ)ને જોઈ શકે છે અને સર્વજ્ઞતાનું પ્રતીક છે. આજનાયુગમાં, જયાંમાહિતીનાઅતિરેક અને ભ્રમજાળથી ભરેલો છે. ફેક ન્યૂઝ, ઓનલાઈન છેતરપિંડી અને ભ્રામક જાહેરાતોસત્યનેછુપાવીદેછે. લોકોબાહ્ય દેખાડા અને સોશિયલ મીડિયા વાસ્તવિકતામાં અટવાઈ જાય છે. આવા સમયે, શિવજીની ત્રીજી આંખ આપણનેવાસ્તવિકતાઅનેભ્રમવચ્ચેનો ભેદ પારખવાનીશકિતઆપેછે. ત્રીજી આંખ એ ચેતનાનો દ્વાર છે. તે આપણને શીખવે છે કે સાચું જ્ઞાન બહારથી નહીં પણ અંદરથી પ્રાપ્ત થાય છે. ધ્યાન, મેન અને સમજદારીપૂર્વક જીવન જીવવું એ જ ત્રીજી આંખ ખોલવાનો માર્ગ છે. શિવજી શીખવે છે કે, જયારે ભકત નિર્ભય થઈને અંતરમનમાં જુએ છે, ત્યાંથી સત્યની શરૂઆત થાય છે. અજ્ઞાનનો અંધકાર દૂર કરી, જ્ઞાનના પ્રકાશનો ઉદય થાય છે. આ પવિત્ર શ્રાવણ મહિનામાં આંતરિક જ્ઞાનચક્ષુ કેળવીને આ ભ્રમિત દુનિયામાં સત્યનો પ્રકાશ આપણી અંદર ઉજાસ થાય તેવો પ્રયત્ન કરીએ.

શિવજીનું ત્રિનેત્ર – ભ્રમિત દુનિયામાં જ્ઞાનનો પ્રકાશ

– **મિત્તલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### બગસરાના માણેકવાડા ખાતે તિરંગા યાત્રા યોજાઈ

## વિદ્યાર્થીઓ સહિત ૮૦૦ થી વધુ નાગરિકો તિરંગા યાત્રામાં જોડાયા

### રંગોળી, વકતૃત્વ અને ચિત્ર સ્પર્ધા સહિતના કાર્યક્રમ યોજાયા



અમરેલી, તા. ૧૧

અમરેલી, તા. ૧૧

સમગ્ર અમરેલી જિલ્લામાં હર ઘર તિરંગા અભિયાન વેગવંતુ બન્યું છે. બગસરા તાલુકાના માણેકવાડા ખાતે ભવ્ય તિરંગા યાત્રા યોજાઈ હતી.

ધારી–બગસરા વિસ્તાર ધારાસભ્ય જે.વી.કાકડીયા, જિલ્લા–તાલુકા– ગ્રામના વિવિધ પદાધિકારીઓ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, માણેકવાડા પ્રાથમિક શાળાના કર્મયોગીશ્રીઓ અને વિદ્યાર્થીઓ સહિત ૮૦૦ થી વધુ નાગરિકો તિરંગા યાત્રામાં જોડાયા હતા.

જિલ્લામાં વિવિધ સ્થળોએ રંગોળી, વકૃત્વ અને ચિત્ર સ્પર્ધા, વોલ પેઈન્ટિંગ સહિતના કાર્યક્રમો થકી વધુ દેશભક્તિમય વાતાવરણ બન્યું છે. નાગરિકોએ આઝાદીના ઘડવૈયાઓને યાદ કરીને હર ઘર તિરંગા અભિયાનને સફળ બનાવ્યું છે.

હર ઘર તિરંગા અભિયાનની સાથે સાથે જિલ્લાના વિવિધ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં સઘન સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે.

શાળાકક્ષાએ રંગોળી અને ચિત્ર તેમજ MY GOV ક્વીઝ સ્પર્ધા પણ યોજાઈ રહી છે. કોલેજમાં સેલ્ફી બુથ રાખવામાં આવશે. વધુ પ્રમાણમાં નાગરિકોની અવરજવર રહે છે તેવા વિસ્તારોમાં, હર ઘર તિરંગા અભિયાન અન્વયે તિરંગાઓ લહેરાવવવામાં આવશે.

### ૧૨ ઓગસ્ટ, ''વિશ્વ યુવા દિવસ''

## જે દેશનું યુવાધન મજબૂત હોય, એ દેશનું ભવિષ્ય મજબૂત બને છે

અમરેલી, તા. ૧૧

દર વર્ષે વિભરમાં ૧૨ ઓગષ્ટનાં દિવસે ''વિ યુવા દિવસ'' મનાવવામાં આવે છે. ૧૭ ડિસેમ્બર ૧૯૯૯ના રોજ સંયુકત રાષ્ટ્ર મહાસભાએ જાહેર કર્યુ હતું કે ૧૨ ઓગષ્ટનાં રોજ ''ઈન્ટરનેશનલ યૂથ ડે'' મનાવવામાં આવશે. પ્રથમવાર ''ઈન્ટરનેશનલ યૂથ ડે'' વર્ષ ૨૦૦૦માં મનાવવામાં આવ્યો હતો. આ ખાસ અવસરે વિભરનાં યુવાનોને તેમની ઓળખ અપાવવા અને તેમનાં કાર્યોને પ્રોત્સાહન પૂરૂ પાડવા માટે અલગ–અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ''વિ યુવા દિવસ''નો મુખ્ય ઉદ્દેશ્ય સામાજિક, આર્થિકથી લઈને રાજકીય મુદ્દાઓ પર યુવાનોની ભાગેદારી અને તેમના વિચારો પર ચર્ચા કરવાનો છે. દેશની સફળતાનો આધાર ત્યાં વસતા લોકો પર હોય છે. ભારત જેવા દેશમાં જયાં મોટા ભાગની વસ્તીમાં યુવાનો વસતા હોય, જે દેશ પાસે કાર્યક્ષમ કર્મચારી તરીકે યુવાધન હોય ત્યારે આ દિવસથી વધુ મહત્વનું તો બીજું શું હોય શકે ? આ દિવસે યુવા–આગેવાની હેઠળની સંસ્થાઓ, સરકારો, યુવાનો અને અન્ય લોકો કે જે શિક્ષણમાં પરિવર્તન લાવવા અને વિવ્યાપી યુવાનોને ઉત્થાન અપાવવા માટે કામ કરી રહ્યા છે તેની ઉજવણી કરે છે. યુવા દિવસ એ યુવાનોને સમાવતા સાંસ્કૃતિક અને કાનૂની મુદ્દાઓને સ્થાપિત કરવા માટે બનાવવામાં આવેલ એક જાગૃતિ દિવસ છે. ''આંતરરાષ્ટ્રીય યુવા દિવસ''ની કલ્પના ૧૯૯૧માં વિએના અને ઓસ્ટ્રેલીયાનાં યુવાનો દ્વારા યુએનની વર્લ્ડ યુથ કાઉન્સિલની પ્રથમ પરિષદ માટે સૂચવવામાં આવી હતી. સમિતિએ ભલામણ કરી કે યુવા સંગઠનો સાથે મળીને યુનાઈટેડ નેશન્સ યુથ ફંડને મજબુત બનાવવા માટે, ખાસ કરીને ક્રાઉડ સોર્સિંગ અને પ્રમોશનલ હેતુઓ માટે, આંતરરાષ્ટ્રીય યુવા દિવસની ખાતરી આપવામાં આવે. યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (યુએનજીએ)એ પ્રથમ ઓગસ્ટ ૧૯૯૮માં, લિસ્બન યુથ, વર્લ્ડ કોન્ફરન્સ દ્વારા આ નિર્ણયને સમર્થન આપીને ૧૯૯૯ માં ''આંતરરાષ્ટ્રીય યુવા દિવસ''ને પ્રથમ વખત નક્કી થયું. વર્ષ ૧૯૯૯ માં યુએનજીએ દ્વારા આ ભલામણને સમર્થન આપવામાં આવ્યું ત્યારબાદ પ્રથમવાર ''ઈન્ટરનેશનલ



યૂથ ડે'' વર્ષ ૨૦૦૦માં મનાવવામાં આવ્યો હતો. વર્તમાન સંજોગો જોતા રાજનીતિમાં યુવાનોનું જોડાણ કરવું ખુબ જરૂરી છે, જેનાથી ભવિષ્ય માટેની સારી અને દુર્ગામી નીતિઓ ઘડી શકાય, આ જોડાણથી યુવાનોમાં એક વિાસ અને દેશ માટે કંઈક કાર્ય કરવા માટેનાં ઉત્સાહને પ્રજવલિત કરવામાં ફાળો આપી શકાય છે. વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ચર્ચાઓ, પ્રદર્શનો, મેળાઓ, પરિષદો અને અન્ય પ્રમોશનલ પ્રવૃત્તિઓ વગેરેનું આયોજન કરીને સામાજિક જાગૃતિ ફેલાવવા માટે એક મહત્વનો દિવસ છે. આજનાં સમયમાં કેટલાક વિકસિત દેશો પોતાનાં યુવાધનને આધુનિકતાની છબી બતાવતા ગેરમાર્ગે પણ દોરી જાય છે. યુવાધનને પોતાના પ્રચારનાં માધ્યમ તરીકે વાપરવું એ આવનાર ભવિષ્યમાં વિનાં અન્ય દેશો સાથે હરીફાઈમાં ટકી રહેવામાં એક મોટી મુસીબત સમાન છે. આજનું યુવાધન પણ પોતાની વિચાર શકિતને સમજવાને બદલે કેટલાક અંશે દેખાડાની વિચારધારાને અનુસરી રહ્યું છે. ''રીયલ લાઈફ''થી જુદી ''રીલ લાઈફ'' એનું જ પરિણામ છે. જયારે કોઈ આગવું સ્થાન ધરાવતી યુવા વ્યકિત જે પગલું ભરે છે તેને અનુસરવા માટે બીજા પ્રયત્નો કરતા થઈ જાય છે, જે કેટલાક સારા પરિણામ પણ આપે અને ખોટા પરિણામ પણ આપે છે. આજનાં યુવાધન માટે સહનશકિત એ ક્યાંક ઓછી થતી જણાઈ રહી છે, નાની વાતમાં મોટા પગલાં ભરવા, જેનાથી તે પોતાને નુકશાન પહોંચાડી રહ્યા છે. યુવાધનનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો દરેક દેશ પ્રગતિનાં પંથ પર આગળ આવી શકે છે. ઘણા દેશમાં યુવાઓ માટે અલગથી યોગ્યતા મુજબની પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. જેથી યુવામાં રહેલ ખૂબીને જાગૃત કરવી સરળ બની રહે છે.

– **મિત્તલ ખેતાણી**
**(મો.૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## અમરેલી : મોંઘીબા મહિલા કોલેજના એન.એસ.એસ.ના બહેનોએ 'દીકરાના ઘર'ની મુલાકાત લઈ રક્ષાબંધનની ઉજવણી કરી



અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલીના એન.એસ.એસ. વિભાગ દ્વારા તારીખ ૭/૮/૨૦૨૫ના રોજ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી. જે માટે અમરેલી જિલ્લામાં આવેલા 'દીકરાનું ઘર' આશ્રમ ખાતે એન.એસ.એસ.ની વિદ્યાર્થિની બહેનો દ્વારા વડીલોને રક્ષાબંધન કરી આશીર્વાદ મેળવ્યા. મહિલા કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.જી.વી. વેલિયતના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. નિરૂપા ટાંક દ્વારા કરવામાં આવેલ. રક્ષાબંધનની ઉજવણીના આ કાર્યક્રમમાં તે સંસ્થાના કાર્યકર્તાઓ બીના બહેન પારેખ, રાજુભાઈ પારેખ, ધીરેનભાઈ વોરા, સુરેશભાઈ જાની અને લલિતભાઈ શકશેનાની પ્રેરક હાજરી રહી હતી. કાર્યક્રમની શરૂઆતમાં ડાભી ધ્રુવી દ્વારા માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કાલેજ અને એન.એસ.એસ. વિભાગની પ્રવૃત્તિ વિશે ઉપસ્થિત મુરબ્બી જનોને માહિતગાર કરવામાં આવેલ. ત્યારબાદ ભારતીય પરંપરા પ્રમાણે વડીલોને રક્ષાબંધન કરી વડીલોની વંદના કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં કાલેજના પ્રિન્સિપાલ ડો. જી. વી. વેલિયત, સમગ્ર સ્ટાફ મિત્રો અને દીકરાનું ઘર આશ્રમના સૌ કાર્યકર્તાઓ, વડીલો અને એન.એસ.એસ.ની વિદ્યાર્થિની

### જિલ્લાનાં ભાજપનાં રાજકારણમાં ભારે ઉત્સાહ

## અમરેલીનાં પુર્વ સાંસદ કાછડીયાનાં નિવાસ સ્થાને પ્રદેશ ભાજપનાં સંગઠન મંત્રી રત્નાકરનુ આગમન

### સંગઠનમાં નવા ચહેરાઓનો સમાવેશ ની સંભાવના



અમરેલી, તા. ૧૧

અમરેલીમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ માટે પ્રેરણા સ્ત્રોત અને માર્ગદર્શક એવા ગુજરાત પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી આદરણીય રત્નાકરજીનો આગમન એક યાદગાર ક્ષણ બની રહ્યો. તેમના આગમન નિમિત્તે અમરેલી પૂર્વ સાંસદ નારણભાઈના નિવાસસ્થાને ભવ્ય સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે સ્થાનિક ભાજપના આગેવાનો, કાર્યકર્તાઓ અને કાર્યકર બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તેઓના આગમન સમયે ગરમાજોશીથી સ્વાગત કરવામાં આવ્યું અને પક્ષના સંગઠનને મજબૂત બનાવવા તેમજ કાર્યપદ્ધતિમાં નવી ઊર્જા લાવવા અંગે તેમણે માર્ગદર્શન આપ્યું. સંગઠનના તળિયાથી શિખર સુધી મજબૂત કડી ઉભી કરવા, કાર્યકર્તાઓના તાલીમ કાર્યક્રમો અને જનસંપર્ક અભિયાનને વધુ અસરકારક બનાવવા માટે તેમણે મહત્વપૂર્ણ સૂચનો આપ્યા.

પૂર્વ સાંસદએ તેઓનાં અમરેલી આગમન બદલ આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે, આવા પ્રેરણાદાયી નેતાઓના માર્ગદર્શનથી ભાજપના કાર્યકર્તાઓને નવી દિશા અને દઢસંકલ્પ મળે છે. કાર્યક્રમમાં પક્ષની એકતા, શિસ્ત અને જનસેવામાં અગ્રેસર રહેવાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરવામાં આવી.

# અમરેલીની મુલાકાતે પ્રદેશ ભાજપનાં સંગઠન મહામંત્રી રત્નાકર



પ્રદેશ ભાજપ સંગઠન મહાસચિવ રત્નાકર અમરેલી જીલ્લાની મુલાકાતે પધાર્યા હતાં. તેઓએ નવનિયુકત જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સાથે જીલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખો પ્રાગજીભાઈ હીરપરા, દિનેશભાઈ પોપટ, ડો. ભરતભાઈ કાનાબાર, હિરેનભાઈ હીરપરા, અમરેલીનાં ધારાસભ્ય અને વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, લાઠીનાં ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડિયા સહિત સિનિયર આગેવાનોના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત લેતાં સંગઠનાત્મક ચર્ચા કરી હતી. અત્રેથી ચલાલા ખાતે ધારીનાં ધારાસભ્ય જે.વી. કાકડિયાના નિવાસસ્થાને કાર્યકરો સાથે ગોષ્ઠિ કરી હતી. જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે અમરેલી જીલ્લાનાં તાલુકા તથા શહેર મંડળનાં પ્રમુખો તેમજ મહામંત્રીઓ સાથે પરિચય કરી સંગઠનલક્ષી બેઠક યોજી હતી. પક્ષનાં સંગઠનમાં પ્રમુખ–મહામંત્રીની ભૂમિકા અને તેની જવાબદારી બાબતે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. તેઓએ પાર્ટીની શિસ્ત, સંસ્કાર સાથે નવાં કાર્યકર્તાને પક્ષમાં જોડવા તેમનું ઘડતર કરવું, તેમને સંભાળ વા–સાંભળવા, યોગ્યતા મુજબ જવાબદારી સોંપવી સહિત ભાવનાત્મક અનુસંધાન કરી ગુણાત્મક વધારો કરવા બાબતે પ્રેરણાદાયક પ્રવચન આપ્યું હતું. સાથે પ્રદેશ ભાજપા દ્વારા યોજવાના થતાં આગામી કાર્યક્રમોનાં આયોજન અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ સાથે તેમણે જીલ્લા ભાજપના ભૂપેન્દ્રભાઈ બસિયા, પીઠાભાઈ નકુમ, મેહુલભાઈ ધોરાજીયા તેમજ ચુંટાયેલા સભ્યો સાથે મુલાકાત કરી હતી, ટૂંકા સમયમાં ગોઠવાયેલ રત્નાકરજીનાં પ્રવાસમાં જીલ્લા પ્રમુખ અતુલ કાનાણી સાથે રહ્યાં હતાં તેમ જીલ્લા ભાજપની અખબારી યાદીમાં જણાવાયું છે.

# અમરેલીનાં જાણીતા એડવોકેટ ખીમસુરીયાની નવી ઓફિસનો દબદબાભેર પ્રારંભ








અમરેલીનાં જાણીતા સીનીયર એડવોકેટ અને નોટરી આર.એસ. ખીમસુરીયાની નવી ઓફિસનો ગત તારીખ ૪/૮/૨૦૨૫ સોમવારનાં રોજ દરેક સગા, સ્નેહી, મિત્રો, વકીલો તેમજ રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં દબદબાભેર પ્રારંભ થયેલ. આ તકે વકીલ મિત્રો જેમ કે સીનીયર એડવોકેટ ઉદયનભાઈ ત્રિવેદી, જે.આર. વાળા, મુસાણીભાઈ, રીયલ હેલૈયા, માધડભાઈ, રવીભાઈ શેખવા વિગેરેએ હાજર રહીને નવી ઓફિસનાં પ્રારંભ પ્રસંગે એડવોકેટ ખીમસુરીયાને શુભેચ્છાઓ પાઠવેલ, ઉપરાંત નાયબ દડંક, ધારાસભ્ય કૌશિક વેકરીયાએ પણ શુભેચ્છા પાઠવેલ.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૨૦૧૧ | ૨૦૧૧ |
| ૨ | ઘઉં | ૫૦૯ | ૫૩૨ |
| ૩ | ચણા | ૧૦૯૦ | ૧૧૫૦ |
| ૪ | ચણા દેશી | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૫ | તલ સફેદ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૬ | તલ કાળા | ૨૧૨૧ | ૨૧૨૧ |
| ૭ | એરંડા | ૯૨૫ | ૧૨૪૯ |
| ૮ | ચોળા | ૫૨૦ | ૫૨૦ |
| ૯ | બાજરો | ૩૩૭ | ૩૩૭ |
| ૧૦ | મકાઈ | ૪૧૦ | ૪૧૦ |
| ૧૧ | સોયાબીન | ૮૧૦ | ૮૪૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૫૨ | ૧૦૩૦ |
| ૨ | શિંગ મોટી | ૭૭૫ | ૧૦૩૬ |
| ૩ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૪૦૮ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૦૫ | ૧૨૫૪ |
| ૫ | તલ સફેદ | ૧૦૭૫ | ૨૧૦૦ |
| ૬ | તલ કાળા | ૨૩૪૦ | ૪૦૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૬૩૦ | ૨૧૯૫ |
| ૮ | બાજરો | ૨૭૧ | ૪૭૦ |
| ૯ | જુવાર | ૪૫૦ | ૬૬૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૭૭ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૭૯ |
| ૧૨ | મગ | ૯૨૫ | ૧૫૩૮ |
| ૧૩ | અડદ | ૧૦૪૦ | ૧૨૧૫ |
| ૧૪ | ચણા | ૧૦૫૦ | ૧૧૮૮ |
| ૧૫ | સફેદ ચણા | ૧૧૬૩ | ૧૨૪૨ |
| ૧૬ | છોલે ચણા | ૧૫૦૦ | ૧૭૨૨ |
| ૧૭ | તુવેર | ૮૨૦ | ૧૨૨૦ |
| ૧૮ | એરંડા | ૧૦૦૦ | ૧૨૭૪ |
| ૧૯ | જીરૂ | ૨૩૬૦ | ૩૪૪૫ |
| ૨૦ | રાય | ૧૨૯૯ | ૧૪૧૭ |
| ૨૧ | ધાણા | ૧૦૯૦ | ૧૩૫૫ |
| ૨૨ | મેથી | ૭૧૦ | ૮૭૦ |
| ૨૩ | સોયાબીન | ૭૨૦ | ૯૧૧ |
| ૨૪ | રજકાનુ બી | ૨૨૦૦ | ૬૩૭૫ |
| ૨૫ | વરીયાળી | ૮૦૦ | ૧૩૩૦ |
| ૨૬ | કાંગ | ૨૭૫ | ૪૯૬ |

## શ્રી કરિયાણા પ્રાથમિક શાળા
### મુ. કરિયાણા, તા. બાબરા, જી. અમરેલી

### જાહેર હરરાજી

આથી આપ સર્વેને જણાવવાનું કે કરિયાણા પ્રાથમિક શાળાના ઓરડાઓની જાહેર હરરાજી નકકી કર્યા પ્રમાણે તા. ૨૦/૮/૨૫ને બુધવારના બપોરે ૦૧ : ૦૦ કલાકે શ્રી કરિયાણા પ્રાથમિક શાળાના પટાંગણમાં રાખવામાં આવેલ હોય, નીયત કરેલ સ્થળ અને સમયે હાજર રહેવા આથી જાણ કરવામાં આવે છે.

સ્થળ : કરિયાણા
તા. ૨૦/૦૮/૨૦૨૫, બુધવાર

લી.
શાળા વ્યવસ્થાપન સમિતિ
કરિયાણા

## અંતે વિપક્ષનાં ૩૦૦ સાંસદોનો

પાના ૮ ઉપરનું ચાલું

હતી.

રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ યોજાયેલી આ રેલીમાં વિપક્ષના તમામ પક્ષોના સાંસદોએ ભાગ લીધો હતો. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, આમ આદમી પાર્ટી, ડીએમકે ઉપરાંત અન્ય પક્ષો વોટ ચોરી વિરુદ્ધની મોર્ચા રેલીમાં જોડાયા હતા. આ રેલીમાં કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી પણ સામેલ છે. આ દરમિયાન શાંતિપૂર્ણ કૂચ દરમિયાન સાંસદોને રોકવાનો પ્રયાસ કરવા માટે પોલીસ દ્વારા બેરિકેડિંગ કરવામાં આવ્યું હતું જેને સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ કૂદતા દેખાયા હતા.

લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ કર્ણાટકમાં ચૂંટણી પંચ અને ભાજપ પર વોટ ચોરીનો આરોપ મૂક્યા બાદ આ રેલીના આયોજનની જાહેરાત થઈ હતી. વોટ ચોરી વિરુદ્ધ લોક સમર્થન મેળવવા રેલી કાઢવાની જાહેરાત વિપક્ષના સાંસદોએ કરી હતી. પરંતુ દિલ્હી પોલીસે તેની પરવાનગી આપી ન હતી. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે, વિપક્ષે આ રેલી માટે કોઈ મંજૂરી માગી નથી. સાંસદોની આ રેલી ચૂંટણી પંચની ઑફિસ તરફ રવાના થઈ રહી છે. રસ્તામાં આકરી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી.

કોંગ્રેસના પ્રવક્તા જયરામ રમેશે જણાવ્યું કે વિપક્ષે ચૂંટણી પંચને પત્ર લખીને ૩૦૦ સાંસદોને ચૂંટણી પંચ તરફ કૂચ કરવાની માંગ કરી હતી. તેમનું કહેવું છે કે ચૂંટણી પંચે તે પત્રનો જવાબ આપ્યો ન હતો અને કહ્યું હતું કે ફક્ત ૩૦ સાંસદો જ આવશે. અમે ઈચ્છીએ છીએ કે બધા સાંસદો ચૂંટણી પંચને પોતાનું મેમોરેન્ડમ સુપરત રેલીને રસ્તામાં જ રોકી દેવામાં આવી છે, અને તેને ચૂંટણી પંચ તરફ જતાં અટકાવવા માટે પોલીસે બેરિકેડ મૂક્યા હતાં.

ગઈકાલે જ વિપક્ષી સાંસદોએ આ રેલીની જાહેરાત કરી હતી. દિલ્હી પોલીસનું કહેવું છે કે વિપક્ષે ઔપચારિક પરવાનગી પણ માંગી ન હતી. આમ છતાં કૂચ સંસદ ભવનથી નીકળી ગઈ છે અને તેમને રસ્તામાં રોકવા માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આ દરમિયાન અખિલેશ યાદવ બેરિકેડ પર ચઢતા જોવા મળ્યા. પ્રિયંકા ગાંધી પણ વિપક્ષી સાંસદો સાથે સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા.

કોંગ્રેસના સાંસદ શશી થરૂર પણ રાહુલ ગાંધીના નેતૃત્વમાં ચાલી રહેલી રેલીમાં જોડાયા હતા. તેમણે કહ્યું કે, "જ્યાં સુધી લોકોને ચૂંટણીની નિષ્પક્ષતા અંગે શંકા છે, ત્યાં સુધી ચૂંટણી પંચની વિશ્વસનીયતાને નુકસાન થઈ રહ્યું છે. જો આ શંકાઓ દૂર કરવામાં આવે તો ચૂંટણી પંચની વિશ્વસનીયતા પાછી મેળવી શકાશે.''

## અમરેલી જિલ્લાની રેલ્વેની સુવિધામાં

પાના ૧ ઉપરનું ચાલું

ભારતની સરકારો દ્વારા રેલ્વેતંત્રના સમયાંતરે જુદા જુદા તબક્કે દેશભરમાં વિકાસ થઈ રહયો છે. જે અતિપ્રશંસનિય છે. રેલ્વેતંત્ર આધુનિક ટેકનોલોજીના સહયોગથી ઝડપભેર વિકસી અને વિસ્તરી રહયુ છે. જે સૌ ભારતીય માટે ગૌરવની બાબત છે. વર્તમાન સરકાર દ્વારા પણ રેલ્વેતંત્રના આધુનિકરણ અને વિસ્તૃતિ કરણનું કાર્ય અત્યંત સરાહનીય છે. પરંતુ કેટલાક સંજોગો અને કેટલાકન સમજી શકાય તેવા કારણોથી રેલ્વેના વિકાસનો લાભ દરેક જીલ્લાઓને સમાંતર રીતે મળી રહયો નથી. ખાસ કરીને અમરેલી, અમદાવાદ અને વેરાવળ (સોમનાથ) જવા આવવા માટે ટ્રેન સુવિધાથી વંચિત રહયો છે.

(૧) ગ્રાંધીગ્રામથી બોટાદની (ઈન્ટરસીટી એકસપ્રેસ ડાઉન) ટ્રેન નંબરઃ૨૦૯૬૫ જે દૈનિક છે. જો આ ટ્રેનને બોટાદથી ધોળા, ઢસા, લાઠી, ખીજડીયા જંકશન , ચિતલ જેતલસર જંકશન , જુનાગઢ વાયા વેરાવળ સુધી લંબાવી વેરાવળથી પરત અમદાવાદ આ જ રૂટ ઉપરથી દોડાવો તો જિલ્લાની જનતાને રેલ્વેતંત્રની અમૂલ્ય સેવાનો લાભ મળી શકે.

વધુમાંથી અમદાવાદથી બોટાદ (પાર્શ્વનાથ એકસપ્રેસ) દૈનિક ટ્રેન નંબર ૧૨૯૪૨ છે. જો આ ટ્રેનને પણ ઉપરોકત રૂટ ઉપરથી વેરાવળ સુધી લંબાવી અને વેરાવળ પરત અમદાવાદ આજ રૂટ ઉપરથી દોડાવો તો અમરેલી જિલ્લાની જનતાને રેલ્વેતંત્રની આ અમૂલ્ય સેવાનો લાભ મળી શકે.

અમરેલીની વિવિધ સંસ્થાઓ, સરકારી પ્રતિનિધિઓ અને સૌ કોઈ નાગરિકો દ્વારા અનેક વખત આવેદન પત્રો આપવામાં આવ્યા છે તથા રેલીઓ પણ કાઢવામાં આવી છે. પરંતુ રેલ્વે તંત્ર દ્વારા સકારાત્મક વલણ રહયું નથી.

### જાહેર હરરાજી

આથી રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે કે, શ્રી લાઈનપરા પ્રાથમિક શાળા, તા.ધારી, જી.અમરેલીના ૨ (બે) સ્લેબવાળા ઉભા ઈમલાની જાહેર હરરાજી, તા.૨૦/૦૮/૨૦૨૫ને બુધવારના રોજ બપોર ૧૨:૦૦ કલાકે રાખેલ છે. જે અંગેની શરતો સ્થળ ઉપર સંભળાવવામાં આવશે. બન્ને ઓરડાનાં કાટમાળની અપસેટ કિંમત રૂા.૨૮૦૦૦/– અંકે રૂપિયા અઠ્યાવીસ હજાર પુરા નક્કી થઈ આવેલ છે. તો રસ ધરાવતા ઈસમોએ હરરાજીમાં ભાગ લેવા માટે એક કલાક અગાઉ ડીપોઝીટની રકમ રૂા.૫૦૦૦/– રોકડા ભરવાની રહેશે અને હરરાજી મંજુર થતા ૫૦% રકમ સ્થળ પર જ ભરવાની રહેશે. તો રસ ધરાવતા ભાઈઓ અને બહેનોને હાજર રહેવા જણાવવામાં આવે છે.

**નોંધ : હરરાજીમાં ભાગ લેનાર તમામ ઈસમોએ આધારકાર્ડની ઝેરોક્ષ ફરજીયાત લાવવાની રહેશે.**

મુ. ધારી, તા. ધારી,
જિ. અમરેલી.

અધ્યક્ષ / સભ્ય સચિવ
એસ.એમ.સી.લાઈનપરા
પ્રા.શાળા – ધારી

## અમરેલીનાં એએચપીનાં

પાના ૮ ઉપરનું ચાલું

સ્ટેશનખાતે અજાણ્યા ઈસમ સામે પોલીસ ફરિયાદ નોંધાવવા જતાં ફરિયાદ નોંધવાની કાર્યવાહી શરૂ હોવાનું જીલુભાઈ વાળાએ જણાવેલ હતું.

આ બનવાની જાણ ડો. પ્રવીણભાઈ તોગડિયાને થતાં તેઓએ પણ મુખ્યમંત્રી તેમજ ગૃહમંત્રીને જાણકરેલ છે તેમજ આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રદેશ અધ્યક્ષ રણછોડભાઈ ભરવાડ પણ અમરેલીની મુલાકાત કરશે તેમ પણ જાણવા મળેલ છે.

## પાલિકા પ્રમુખ નયનાબેન

પાના ૧ ઉપરનું ચાલું

ભાજપનો કબજો છે. છતાં, છેલ્લા કેટલાક સમયથી પાલિકાના સભ્યો વચ્ચે આંતરિક વિખવાદ ઉગ્ર બન્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ, પક્ષના આંતરિક મતભેદ, કાર્યશૈલી પર અસંતોષ અને સહકારના અભાવને કારણે નગરપાલિકા પ્રમુખે પદ છોડવાનો નિર્ણય લીધો. આ નિર્ણયથી ભાજપમાં ચાલી રહેલા આંતરકલહ પર ફરીથી ચર્ચાઓ જોર પકડી રહી છે.

ધારાસભ્ય જે.વી. કાકડિયાના હોમ ટાઉન ચલાલામાં નગરપાલિકા પ્રમુખના રાજીનામાથી રાજકીય ગરમાવો વધ્યો છે. ખાસ કરીને, પાલિકા પ્રમુખના પતિએ સોશિયલ મીડિયા મારફતે રાજીનામાની જાહેરાત કરતાં આ મુદ્દો વધુ ચર્ચામાં આવ્યો છે. પક્ષના સૂત્રો માને છે કે રાજીનામું આપવાનું મુખ્ય કારણ આંતરિક ગૂંથણી અને ગૃપબાજી છે, જયારે કેટલાક કાર્યકર્તાઓ માને છે કે વિકાસ કાર્યોમાં અવરોધ અને રાજકીય દબાણને કારણે પણ આ પગલું લેવામાં આવ્યું હશે.

આ અચાનક રાજીનામાથી હવે ચલાલા નગરપાલિકામાં નવા પ્રમુખની પસંદગીનો પ્રશ્ન ઊભો થયો છે. આગામી સમયમાં કોણ પ્રમુખ બનશે અને પક્ષ આ વિખવાદને કેવી રીતે સમેટે છે તે જોવાનું રહેશે. રાજીનામાના આ નિર્ણયથી સ્થાનિક રાજકારણમાં ગરમી વધી છે અને સામાન્ય નાગરિકો પણ આ મુદ્દે ઉત્સુકતાપૂર્વક નજર રાખી રહ્યા છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૩૩૦ | ૫૩૫ |
| ૨ | ઘઉં ટુકડા | ૫૨૨ | ૫૩૭ |
| ૩ | જુવાર | ૩૦૦ | ૭૨૫ |
| ૪ | સોયાબીન | ૭૭૦ | ૮૬૧ |
| ૫ | તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૬ | મગફળી | ૭૨૫ | ૭૨૫ |
| ૭ | ચણા | ૮૦૦ | ૧૧૪૫ |
| ૮ | તલ સફેદ | ૧૩૨૦ | ૧૫૦૦ |
| ૯ | મગ | ૧૦૪૫ | ૧૩૨૦ |
| ૧૦ | શીંગફાડા | ૧૨૦૦ | ૧૨૦૦ |

### જાહેર નોટિસ

મોજે :– નાજાપુર ગામ, તા. વડિયા–કુંકાવાવ, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી.દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| નાજાપુર, તા. વડિયા–કુંકાવાવ જિ. અમરેલી | ૭૪૫ | ૨૪૧ પૈકી ૧ | ૦–૫૦–૫૯ | ૫.૦૦ | લતાબેન રવજીભાઈ રાણપરીયા<br>નયનાબેન બાબુભાઈ રાણપરીયા |
| | ૭૭૬ | ૨૪૨ પૈકી ૨ | ૦–૪૨–૪૯ | ૩.૭૧ | જયંતિભાઈ દુદાભાઈ રાણપરીયા<br>જયેશકુમાર રમેશભાઈ રાણપરીયા<br>ધર્મેન્દ્રભાઈ રમેશભાઈ રાણપરીયા |

ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન અલગ – અલગ સંયુકત અને સંયુકત નામે આવેલ છે, આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકી, બિનબોજાની, બિન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રીએ વેચાણ રાખવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ,/ ખેતી / ગણોત, લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦ (દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેવ) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશ ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તે અમારા અસીલની સુચનાથી**

**તારીખ : ૦૭/૦૮/૨૦૨૫**
**સ્થળ : કુંકાવાવ મોટી**
**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર,મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી.**
**મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)

## ગોપાલગ્રામ ખાતેથી જુગાર રમતા

પાના ૧ ઉપરનું ચાલું

બાતમી ચલાલા પોલીસ સ્ટેશનના પોલીસઈન્સ.જી.આર.વસૈયાને મળતાં દરોડો પાડી પ્રથમ બનાવમાં જેતુભાઈ દેવકુભાઈ માંજરીયા (રહે. માણાવાવ, તા. ધારી), બાવકુભાઈ ગભરૂભાઈ વાળા (રહે. માણાવાવ, તા. ધારી), મજબુતભાઈ ભીખુભાઈ જેબલીયા (રહે. બગસરા), બાઘાભાઈ બચુભાઈ લાલુ (રહે. રબારીકા, તા. જેતપુર), જેઠાભાઈ ગોબરભાઈ ગજેરા (રહે. હાલરીયા, તા. ધારી), રામજીભાઈ છગનભાઈ સોલંકી (રહે. હાલરીયા) તથા બાધાભાઈ વિરાભાઈ વાળા (રહે. પાદરગઢ, તા. ધારી) સહિતનાં ઈસમોને રૂપિયા ૧૯,૦૦૦ મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

બીજા બનાવમાં તે જ ગામે જાહેરમાં જુગાર રમતાં જેતુભાઈ દેવકુભાઈ માંજરીયા (રહે. માણાવાવ, તા. ધારી) વાળા સહિત આઠ ઈસમોને રૂપિયા ૨૧૦૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી કુલ પંદર ઈસમોને રૂપિયા ૪૦ હજારની મત્તા સાથે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## જાફરાબાદનાં લુણસાપુર ગામની

પાના ૮ ઉપરનું ચાલું

છૂટયા હતાં. આ બનાવના સીસીટીવી ફુટેજ મળી આવતાં પોલીસે બનવાની ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ત્યારે આ ચોરીના બનાવના પગલે ભયનો માહોલ સર્જાયો છે.

આ બનાવમાં પોલીસ સૂત્રોમાંથી મળતી વિગત મુજબ મધ્યપ્રદેશના વતની અને હાલ જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામે આવેલ સીન્ટેક્ષ કંપનીની કોલોનીમાં બ્લોક નં. એચ મકાન નં. ૧૦૪માં રહેતા આશીષકુમારસિંગ વિનાથસિંગ ચૌહાણના રહેણાંક મકાનના ગત તા. ૯ ના રાત્રીના ૧૦થી તા. ૧૦ના સવારના ૭ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે કેટલાંક અજાણ્યા તસ્કારોએ પોતાના મોઢે કપડું બાંધી અને હાથમાં તલવાર જેવા હથિયાર સાથે ત્રાટકયા હતાં અને અજાણ્યા ચોર ઈસમોઓએ દરવાજાના નકુચા તોડી રૂમમાં રહેલ તિજોરીમાં રહેલ સોનાના દાગીના કિંમત રૂપિયા ૧૦,૧૩,૧૨૦ તથા ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૭૮,૩૯૯ તથા રોકડ રકમ રૂા. ૪૧,૧૦૦ મળી કુલ રૂપિયા ૧૧,૩૨,૬૧૯ ની ઘરફોડ ચોરી કરી લઈ ગયાની જાફરાબાદ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અજાણ્યા તસ્કરોઓએ લુણસાપુર ગામે આવેલ સીન્ટેક્ષ કંપનીની કોલોનીમાં અન્ય મકાનોમાં પણ તસ્કારો ખાબકી અને ચોરી કરવાના ઈરાદે ઘરવખરી વેર વિખેર કરી નાંખી હતી. આ બનાવના સીસીટીવી ફુટેજ મળી આવતાં પોલીસે બનવાની ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ત્યારે આ ચોરીના બનાવના પગલે ભયનો માહોલ સર્જાયો છે.


## ॥ ધ્વજવંદન નિમંત્રણ ॥

૭૯ માં સ્વાતંત્ર્ય દિન નિમિતે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરેલ છે.
જેમા સંસ્થાનાં પૂર્વ અને વર્તમાન સ્ટાફ, સ્ટુડન્ટસ, પેરન્ટસ્ અને શુભેચ્છકશ્રીઓને પધારવા હાર્દિક નિમંત્રણ છે.

:: ધ્વજ વંદન ::
માનનીયશ્રી ડી. કે. રૈયાણી
(પ્રમુખશ્રી, લેઉવાપટેલ સમાજ–અમરેલી)

:: અધ્યક્ષ સ્થાન ::
માનનીયશ્રી રમેશભાઈ કાથરોટીયા
(પ્રમુખશ્રી, જીલ્લા ખોડલધામ સમિતિ)

:: અતિથિ વિશેષ ::
શ્રી અતુલભાઈ કાનાણી (પ્રમુખશ્રી, જીલ્લા ભાજપ–અમરેલી)
શ્રી પ્રતાપભાઈ દુધાત (પ્રમુખશ્રી, જીલ્લા કોંગ્રેસ–અમરેલી)
શ્રી કિશોરભાઈ કાનપરીયા (પ્રમુખશ્રી, તાલુકા પંચાયત–અમરેલી)
શ્રી બિપીનભાઈ લિંબાણી (પ્રમુખશ્રી, નગર પાલીકા–અમરેલી)

:: રાજસ્વી ગૌરવ ::
શ્રી ભરતભાઈ સુતરીયા – સાંસદશ્રી
શ્રી કૌશીકભાઈ વેકરીયા – નાયબમુખ્યદંડકશ્રી
શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા – સાંસદશ્રી
શ્રી દિલિપભાઈ સંઘાણી – ચેરમેનશ્રી, ઈફકો
શ્રી નારણભાઈ કાછડીયા – પૂર્વ સાંસદશ્રી
શ્રી પરેશભાઈ ધાનાણી – પૂર્વ નેતાશ્રી વિપક્ષ
શ્રી જનકભાઈ તળાવીયા – ધારાસભ્યશ્રી
શ્રી વિરજીભાઈ ઠુંમર – પૂર્વ સાંસદશ્રી
શ્રી મહેશભાઈ કસવાળા – ધારાસભ્યશ્રી
શ્રી બાવકુભાઈ ઉંધાડ – પૂર્વ મંત્રીશ્રી
શ્રી જે. વી. કાકડીયા – ધારાસભ્યશ્રી
શ્રી હિરાભાઈ સોલંકી – ધારાસભ્યશ્રી

તા. ૧૫/૦૮/૨૦૨૫ ને શુક્રવાર, સવારે ૦૯:૧૫ કલાકે.
**શ્રી અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ–સુરત**
સ્થળ :– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ અમરેલી

:: નિમંત્રક ::
શ્રી વસંતભાઈ ગજેરા – સ્થાપક પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ઠુમ્મર – પ્રમુખશ્રી
શ્રી પ્રતાપભાઈ જોગાણી – ઉપ પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ડાવરીયા – મંત્રીશ્રી
શ્રી નરેન્દ્રભાઈ હિરપરા – સહમંત્રીશ્રી
શ્રી નાગજીભાઈ સોજીત્રા – મેને. ટ્રસ્ટીશ્રી
શ્રી નાનુભાઈ વેકરીયા – ખજાનચીશ્રી

- Ad 122




## મતદાર યાદી અને SIRને લઈને પ્રચંડ જનઆંદોલનની થઈ શરૂઆત

# અંતે વિપક્ષનાં ૩૦૦ સાંસદોનો સંસદથી સડક સુધી હલ્લાબોલ

**વિપક્ષી નેતા રાહુલ ગાંધીનાં નેતૃત્વમાં ૩૦૦ સાંસદોની ''મત ચોરી'' વિરૂધ્ધ ઈલેકશન કમિશન કચેરી સુધીની કૂચ**

**છેલ્લા ૧૧ વર્ષમાં સૌ પ્રથમ વખત એનડીએ સરકાર વિરૂધ્ધ જબ્બરો હલ્લાબોલ**

**રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, અખિલેશ યાદવ, સાગરિકા ઘોષ, મહુવા મોઈત્રા સહિતનાં સાંસદો આક્રમક મિજાજમાં**

**દેશનાં પાટનગરમાંથી શરૂ થયેલ 'વોટચોરી'નું આંદોલન આગામી દિવસોમાં સમગ્ર દેશમાં ફેલાઈ શકે તેવી સંભાવના**








નવી દિલ્હી, તા.૧૧

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિપક્ષી પક્ષોના ૩૦૦ સાંસદોએ સંસદથી ચૂંટણી પંચ તરફ કૂચ શરુ કરી દીધી હતી. કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પક્ષોના સાંસદો સંસદ ભવનના મકર દ્વારથી આ કૂચ શરુ કરી હતી. આ કૂચ SIR પ્રક્રિયા અને રાહુલ ગાંધી દ્વારા લગાવવામાં આવેલા 'વોટ ચોરી'ના આરોપોને લઈને યોજવામાં આવી હતી.

દિલ્હી પોલીસે ચૂંટણી પંચ તરફ જઈ રહેલી રેલીને અટકાવી રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, સંજય રાઉત, સાગરિકા ઘોષ સહિતના સાંસદોની અટકાયત કરવામાં આવી હતી. વિપક્ષના સાંસદો બિહારમાં SIR અને વોટ ચોરી મુદ્દે વિરોધ પ્રદર્શન કરતાં ચૂંટણી પંચ તરફ જઈ રહ્યા હતાં. દિલ્હી પોલીસની પરવાનગી વિના રેલીનું આયોજન કરવા બદલ રેલી અટકાવવામાં આવી હતી. તેમજ સાંસદોની અટકાયત કરવામાં આવી

અનુસંધાન પાના ૬ ઉપર

### ડો. ગજેરા, મજબુતભાઈ બસિયા અને જીલુભાઈ વાળા સહિત

## અમરેલીનાં એએચપીનાં ૩ આગેવાનોને અજાણ્યા શખ્સે મારી નાખવાની ધમકી આપી

**એએચપીનાં આગેવાનોએ પોલીસમાં ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૧૧

અમરેલીમાં આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ ડો. જી.જે. ગજેરા તેમજ અમરેલી જિલ્લા રાષ્ટ્રીય બજરંગદળના કાર્યકારી અધ્યક્ષ મજબુતસિંહ બસિયા તથા આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદ અમરેલી જિલ્લા અધ્યક્ષ જીલુભાઈ એમ. વાળાને કોઈ અજાણ્યા શખ્સે મારી નાખવાની ધમકી આપતા આ બનાવ અંગે અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવવા કાર્યવાહી હાથ ધરેલ છે. આ બનાવ અંગે રાજયના મુખ્યમંત્રી તેમજ ગૃહમંત્રીને જાણ કરેલ છે.

આ બનાવમાં મળતી વિગત મુજબ ગત શુક્રવારના રોજ સાંજ ના ૫:૫૦ મીનીટે પ્રથમ મિસકોલ આવ્યા બાદ એક મિનિટ પછી એટલે કે ૫:૫૧ મીનીટે મજબુતભાઈ બસિયાના મોબાઈલ ફોન ઉપર કોલ કરી અને કોઈ અજાણ્યા ઈસમે ધમકી આપેલ હતી. જેમાં જણાવેલ કે મજબુતભાઈ બસિયા, જીલુભાઈ વાળા અને ડો. જી.જે. ગજેરા સહિત ત્રણેયની આગામી રવિવાર સુધીમાં હત્યા કરી નાખવાની છે તેમ ધમકી આપેલ હતી.

આ બનાવ બાદ આજે આ ત્રણેય આગેવાનો અમરેલી સીટી પોલીસ

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી જિલ્લામાં વિશાળ સંખ્યામાં પોલીસ તંત્ર હોવા છતાં

## જાફરાબાદનાં લુણસાપુર ગામની ખાનગી કંપનીમાં અજાણ્યા તસ્કરો તલવાર જેવા હથિયાર સાથે ઘુસી ગયા

**આઠ જેટલા મકાનોમાંથી ૧૧ લાખ ઉપરાંતનાં મુદ્દામાલની ઉઠાંતરી કરી**



અમરેલી, તા. ૧૧

જાફરાબાદ તાલુકાના લુણસાપુર ગામે આવેલ એક કંપનીની કોલોનીમાં બે દિવસ પહેલાં રાત્રીના સમયે કેટલાંક અજાણ્યા તસ્કારો પોતાના મોઢે કપડું બાંધી અને તલવાર જેવા હથિયાર સાથે ત્રાટકયા હતાં. આ તસ્કરોએ એકી સાથે આઠ મકાનોને નિશાન બનાવી અને રોકડ સહિત સોના–ચાંદીના દાગીના મળી અંદાજિત ૧૧ લાખ ૩૨ હજારના મુદામાલની ચોરીને અંજામ આપી તસ્કરો નાશી

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)